# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૩

○ સંકલન ○

**રમ્યરેણુ**



# ચન્દ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૩

**: દિવ્યકૃપા :**

પ.પૂ. આ. શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. તપસ્વીરત્ન પૂ. ચન્દ્રયશવિજયજી મહારાજા

◆ ◆ ◆

**: શુભાશિષ :**

પ.પૂ. આ. શ્રીમદ્ વિજય અરવિંદસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાગ્યેશવિજયજી મહારાજા
પ.પૂ. ગુરુમાતા સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.

◆ ◆ ◆

**: સંકલન :**

પૂ. સા. ભવ્યગુણાશ્રીજી મ.સા.

: ગ્રંથ પ્રકાશક :

**શ્રી કૈલાશનગર જૈન સંઘ - સુરત**

: પ્રાપ્તિસ્થાન :

શ્રી વાવપથક જૈનવાડી

દશાપોરવાડ જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ-૭.

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ

ૐકારસાહિત્યનિધિ, હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)

ફોન : (૨૭૪૪) ૨૩૩૧૨૯

આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.

ફોન : (૦૨૬૧) ૨૪૨૬૫૩૧

સી મહેન્દ્ર એન્ડ કું.

૧૮-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશીરોડ,

ૐકારસૂરિ ચોક, વાલકેશ્વર, મુંબઈ. ફોન-૨૩૬૩૭૮૯૭

૧૨૦૪, પંચરત્ન ઓપેરા હાઉસ, મુંબઈ-૪.

ફોન-૦૨૨-૨૩૬૪૨૫૦૯

**ભરત ગ્રાફિક્સ,**

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

(મો.) ૯૯૨૫૦૨૦૧૦૬

# સમર્પણ

'સ્વાધ્યાયના સૂરોથી
તમારૂં પ્રભાત સમૃદ્ધ બનો'
એવું તમે સતત કહેતાં...
તમે એ પણ કહેલું કે
ચારિત્રનો અજવાસ જ્ઞાન છે
ને જ્ઞાનનો અવાજ ચારિત્ર...
તમે એ પણ બોલેલાં કે
મને ઓછો સાચવજો પણ
સ્વાધ્યાયને ખૂબ સાચવજો...
તમારાં એ પ્રેરણાનો પ્રતિસાદ
એટલે આ સંકલનાનો પ્રયત્ન...
તમારી કૃપા,
તમારા પ્રેમાળ વાત્સલ્ય, ને
તમારી હિતભરી સંભાળને
અને ક્ષણે ક્ષણે
સરી રહેલી તમારી સ્મૃતિને
સાદર સમર્પિત...

ભવ્યગુણાશ્રી

## આધ્યાત્મિક ઉંચાઈના બે ગ્રન્થો દ્વારા

# આત્માનુભૂતિ

મુનિત્વના મઝાનાં શિખરોની અનુભુતિ કરાવે છે 'અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાય'.

મુનિ પર ભણી ક્યારેય ન જાય આ વાતને કેટલી સરસ રીતે અહીં વણવામાં આવી છે ! :

**'સાધુ નિજવીર્યથી પર તણો,**
**નવિ કરે ગ્રહણ ને ત્યાગ રે,**
**તે ભણી વચન ગુપ્તે રહે...'** (૨/૫)

મુનિ પોતાની શક્તિને ક્યારેય પર તરફ ન જવા દે. ભાષા વર્ગણાના પુદ્ગલોને પકડવા ને છોડવા; શા માટે આ શ્રમ ?

કેવી આત્મનિષ્ઠા મુનિમાં હોય ? મઝાની પંક્તિ આવી :

**'તત્ત્વરુચિ તત્ત્વાશ્રયીજી, તત્ત્વરસિક નિર્ગ્રન્થ...'** આત્મતત્ત્વાદિ પર જ મુનિને રુચિ છે. અને મઝાનું વિશેષણ આવ્યું : તત્ત્વાશ્રયી... તત્ત્વાશ્રિત...

ભક્તિના લયમાં કહીએ તો પ્રભુવાસી હોય છે આવો સાધક. પ્રભુપ્રભાવિત...

આ પ્રભુપ્રભાવિતતા / આત્મ-પ્રભાવિતતા જ છે આનન્દનું પ્રવેશદ્વાર.

'અધ્યાત્મગીતા' કહે છે :

**'યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ,**
**તદા અનુભવે શુદ્ધ આનન્દ શર્મ...' (૩૫)**

જ્યાં નિર્વિકલ્પતા આવી; આનન્દની દુનિયામાં પ્રવેશ થઈ ગયો.

નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરની સ્વગુણસ્થિતિ તે જ ધ્યાન. તે જ આનન્દલોકમાંનો પ્રવેશ.

હવે પરનું દ્વાર થયું બંધ... કહે છે અધ્યાત્મગીતા (૨૫):

**સ્વગુણ ચિન્તનરસે બુદ્ધિ ઘાલે,**
**આત્મસત્તા ભણી જે નીહાળે,**
**શુદ્ધ સ્યાદ્વાદ પદ જે સંભાળે,**
**પરઘરે તેહ મતિ કેમ વાળે ?**

અનુભૂતિની ઊંચાઈના આ બે ગ્રન્થો ભાવકને અનુભવની દુનિયામાં પ્રવેશ અપાવે એ જ કામના.

ચૈત્રી પૂનમ, ૨૦૬૨
વાવ

યશોવિ. સૂ.

# પૂ. તપસ્વી શ્રીચંદ્રયશ વિ.મ.સા.

સંયમયોગૈરાત્મા, નિરંતરવ્યાપૃતઃ કાર્યઃ.
પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજની આ પંક્તિનો જીવંત
અનુવાદ એટલે પૂ. તપસ્વી મહારાજ...
સવારથી સાંજ/રાત્રિ, મધ્યરાત્રિથી સવાર...
અને વચલા ઉંઘના કલાકોમાં પણ અનાયાસે
ચાલતાં સૂત્રો કે નવકાર કે શંખેશ્વર પાર્શ્વનાથનું રટણ...
માત્ર શુભયોગોમાં સતત રમતું વ્યક્તિત્વ...
કાં નવકારવાળી, કાં વૈયાવચ્ચ, કાં વંદના,
કાં ફોટા સામે ચાલતી આરાધના,
કાં કાઉસ્સગ્ગની ક્ષણોમાં સ્થિર શરીર.
બીજે દિવસે તેઓ કહેતાં, ફરિયાદ કરતાં કરતાં...
ગઈકાલે હજી
થોડી આરાધના રહી ગઈ...
થોડી નવકારવાળી બાકી છે...
આરાધનામાં કલાકો ઓછાં પડે
એવાં આયખાનાં સ્વામિ પૂજ્યશ્રી હતાં.
તેમની સ્મૃતિમાં પ્રકાશિત
આ સ્વાધ્યાય સૌને
આવા આયખાનું અજવાળું આપે...

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય | ૨ |
| અધ્યાત્મગીતા | ૫૬ |

# અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય

દુહા

સુકૃત કલ્પતરુ શ્રેણિની, વર ઉત્તર કુરુ ભૂમિ;
અધ્યાતમ રસ શશિકલા, શ્રીજિનવાણી નૌમિ...૧

દીપચંદ પાઠક સુગુરુ, પય વંદી અવદાત;
સાર શ્રમણ ગુણ ભાવના, ગાઈશું પ્રવચન માત...૨

જનની પુત્ર હિત શુભ કરી, તિમ એ પવયણ માય;
ચારિત્ર ગુણ ગણ વર્ધિની, નિર્મળ શિવ સુખદાય...૩

સુકૃત્યો રૂપી કલ્પવૃક્ષોની શ્રેણિને (ઊગવા) માટે શ્રેષ્ઠ ઉત્તરકુરુની ભૂમિ સમી અને અધ્યાત્મરસ (રૂપી સમુદ્ર) માટે ચન્દ્રની કળા જેવી પ્રભુની વાણીને હું સ્તવું છું.

ઉપાધ્યાય દીપચંદજી સદ્ગુરુના નિર્મળ (અવદાત) ચરણ કમળને વાંદી શ્રમણના શ્રેષ્ઠ ગુણો (મહાવ્રતો)ની ભાવના રૂપ અષ્ટપ્રવચનમાતાને ગાઇશ. (જેમ કે પહેલા મહાવ્રતની ભાવના રૂપે ઇર્યાસમિતિ છે. ગ્રન્થમાં આ બધું બતાવેલું છે.)

(અષ્ટપ્રવચનમાતા કેમ કહેવાય છે સમિતિ-ગુપ્તિઓ?) માતા જેમ પુત્રનું શુભ અને હિત કરે છે (વર્તમાન કલ્યાણ તે શુભ, ભાવી કલ્યાણ તે હિત), તે જ રીતે આ પ્રવચનમાતા ચારિત્રના ગુણોના સમૂહને વધારે છે અને નિર્મળ એવા મોક્ષસુખને અપાવે છે.

ભાવ અયોગી કરણ રુચિ, મુનિવર ગુપ્તિ ધરંત;
યદિ ગુપ્તે ન રહી શકે, તો સમિતે વિચરંત...૪

ગુપ્તિ એક સંવરમયી, ઉત્સર્ગિક પરિણામ;
સંવર નિર્જર સમિતિથી, અપવાદે ગુણધામ...૫

દ્રવ્યે દ્રવ્યતઃ ચરણતા, ભાવે ભાવ ચરિત્ત;
ભાવદૃષ્ટિ દ્રવ્યતઃ ક્રિયા, કરતાં શિવ સંપત્ત...૬

મુનિની ઈચ્છા હોય છે સંપૂર્ણ અયોગી બનવાની. (ભાવ = વાસ્તવિક... સંપૂર્ણ અયોગાવસ્થા ચૌદમા ગુણઠાણે મળે.) અને એ માટે સાધન રૂપે તેઓ ગુપ્તિને ધારણ કરે છે. જ્યારે ગુપ્તિમાં ન રહી શકે ત્યારે સમિતિને ધારે છે.

ગુપ્તિ એટલે સંવરમય પરિણામ. (માત્ર સંવર જ ત્યાં છે. કારણ કે ત્રણે યોગોનાં દ્વાર-જેથી કર્મો આવતા'તાં-બંધ કરાયેલાં છે.) ગુપ્તિ ઉત્સર્ગ છે. (મુનિ લગભગ ગુપ્તિમાં જ રહે છે.) તે કારણસર જ સમિતિમાં જાય છે. માટે ગુપ્તિને ઉત્સર્ગ અને સમિતિને અપવાદ કહેવાય છે.

સમિતિ સંવર રૂપ પણ છે. નિર્જરા રૂપ પણ છે. (ગુપ્તિથી નિર્જરા ન થાય એવું નથી; પણ ત્યાં વક્તાનો મુખ્ય આશય, યોગ-દ્વાર બંધ થયેલ હોવાથી, સંવરનો છે; માટે ગુપ્તિને સંવરમય કહેલ છે.) એ કારણે આચરાય છે અને એ ગુણોના ભંડાર રૂપ છે.

અભવ્ય આદિ વ્યક્તિત્વો ક્રિયા કરે છે, પણ એ દ્રવ્ય ક્રિયા જ છે... સામે છેડે ગૃહસ્થપણામાં રહેલા પણ ભાવદીક્ષિત સાધકો ભાવથી સંયમ-સાધના કરે છે.

આતમ ગુણ પ્રાગભાવથી, જે સાધક પરિણામ;
સમિતિ ગુપ્તિ તે જિન કહે, સાધ્ય સિદ્ધિ શિવઠામ...૭

નિશ્ચય ચરણ રુચિ થઈ, સમિતિ ગુપ્તિ ધરી સાધ;
પરમ અહિંસક ભાવથી, આરાધે નિરુપાધ...૮

પરમ મહોદય સાધવા, જેહ થયા ઉજમાળ;
શ્રમણ ભિક્ષુ માહણ યતિ, ગાઉં તસ ગુણમાળ...૯

મુનિ શું કરે છે ? ભાવચારિત્ર તરફ દૃષ્ટિ રાખી તે દ્રવ્ય ચારિત્ર પાળે છે. અને એ પાલના એને મોક્ષ-સુખ આપે છે.

સમિતિ અને ગુપ્તિની વ્યાખ્યા :

સાધકની એ ભાવદશા (પરિણામ) કે જે આત્મગુણોનું પ્રાગટ્ય (પ્રાગભાવ) કરે છે, તે સમિતિ અને ગુપ્તિ છે એમ પ્રભુ કહે છે. અને તે સમિતિ-ગુપ્તિની સાધના પોતાના સાધ્યની સિદ્ધિ કરાવી મોક્ષ અપાવે છે.

નિશ્ચય ચારિત્રની રુચિવાળો સાધક સમિતિ અને ગુપ્તિને ધારણ કરે છે અને પરમ અહિંસક ભાવવડે નિરુપાધિક બનેલ સાધક તે સમિતિ-ગુપ્તિને આરાધે છે.

પરમ કલ્યાણને સાધવા માટે જે તત્પર બન્યા છે, તેવા શ્રમણ, ભિક્ષુ, માહણ અને યતિ રૂપ સાધકના ગુણોની શ્રેણિને હું (દેવચન્દ્ર) ગાઉં છું.

## ઈર્યાસમિતિની સજ્ઝાય

(રાગ- પહેલે ભવે એક ગામનો રે...)

પ્રથમ અહિંસક વ્રત તણીજી રે, ઉત્તમ ભાવના એહ;
સંવર કારણ ઉપદિશી જી રે, સમતા રસ ગુણ ગેહ,
મુનીસર ! ઈર્યા સમિતિ સંભાર
આશ્રવકર તનુયોગનીજી, દુષ્ટ ચપળતા વાર...મુની.૧

કાયગુપ્તિ ઉત્સર્ગનો જી, પ્રથમ સમિતિ અપવાદ;
ઈરિયા તે જે ચાલવું જી, ધરી આગમ વિધિ વાદ...૨

જ્ઞાન ધ્યાન સજ્ઝાયમેં જી, સ્થિર બેઠા મુનિરાય;
શાને ચપળપણું કરે જી, અનુભવ રસ સુખ રાજ...૩

મુનિ ઊઠે વસહિ થકી જી, પામી કારણ ચાર;
જિનવંદન ગ્રામાન્તરે જી, કે આહાર નીહાર...૪

પહેલા અહિંસા મહાવ્રતની ઉત્તમ ભાવના છે આ ઈર્યાસમિતિ. સંવર માટે પ્રભુએ આ સમિતિનો ઉપદેશ કરેલ છે. સમતારસ રૂપી ગુણના ઘર સમાન હે મુનીશ્વર! તમે ઈર્યાસમિતિને (સતત) યાદ રાખો. અને આશ્રવને કરનાર શરીરયોગ (કાયયોગ)ની દુષ્ટ ચપળતાને દૂર કર.

કાયગુપ્તિમાં રહેવું તે (મુનિ માટે) ઉત્સર્ગ છે. અને ઈર્યાસમિતિ એ તેનો અપવાદ છે.

ઈર્યા એટલે આગમમાં કહેલ વિધિપૂર્વક ચાલવું તે.

જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાયમાં મુનિરાજ સ્થિર બેઠેલા છે. અને તેથી જ અનુભવરસના સુખના સામ્રાજ્યમાં ગરકાવ થયેલા છે. એવા મુનિ ચપળપણું શા માટે કરે ?

મુનિ ચાર કારણે વસતિ (મકાન)થી બહાર નીકળે : જિનવંદન, વિહાર (ગ્રામાન્તર), આહારચર્યા અને નીહાર (સ્થંડિલ).

પરમ ચરણ સંવર ધરું જી, સર્વ જાણ જિન દિટ્ઠ;
શુચિ સમતા રસ ઉપજે જી, તિણે મુનિને એ ઈટ્ઠ...૫

રાગ વધે સ્થિર ભાવથી જી, જ્ઞાન વિના પરમાદ;
વીતરાગતા ઈહતા જી, વિચરે મુનિ સાહ્લાદ...૬

એ શરીર ભવમૂલ છે જી, તસુ પોષક આહાર;
જાવ અયોગી નવિ હુવે જી, તાવ અનાદિ આહાર...૭

(પહેલા કારણની વાત કરે છે :) પરમાત્મા પરમ ચરણ (યથાખ્યાત ચારિત્ર) અને પરમ સંવર ધરનારા છે; સર્વજ્ઞ છે. તેમનાં દર્શન દ્વારા પવિત્ર સમભાવ પર રુચિ ઉત્પન્ન થાય છે. (પરમાત્માના મુખ પરથી સમભાવ દદડી રહ્યો છે... એ જોતાં એ સમભાવ મેળવવાની ઈચ્છા થાય છે.) માટે પ્રભુનાં દર્શન માટે મુનિ ઉપાશ્રયથી દહેરાસરે જાય.

(બીજા કારણની ચર્ચા :) વિહાર ન થાય તો : સ્થિર - એક જગ્યાએ રહેવાથી રાગદશા વધે; (વળી ગૃહસ્થાદિનો પરિચય વધવાથી) સ્વાધ્યાય આદિ ઓછો થવાથી પ્રમાદ વધે; તેથી વીતરાગતાને ઈચ્છતા (અને વૈરાગ્યને સતેજ બનાવવા ઈચ્છતા) મુનિ આનંદ સાથે વિહરે...

(ત્રીજા કારણની ચર્ચા :) આ શરીર જ સંસારનું મૂળ છે (મતલબ કે શરીર પરનો રાગ / દેહાધ્યાસ), તે શરીરને પોષનાર આહાર છે... (સાધના માટે પણ શરીરની જરૂર છે, માટે) જ્યાં સુધી અયોગી ન બનાય ત્યાં સુધી આહાર ચાલુ રહેશે. (માટે ભિક્ષા લેવા મુનિ બહાર જાય.)

કવલાહારે નીહાર છે જી, એહ અંગ વ્યવહાર;
ધન્ય અતનુ પરમાતમા જી, જિહાં નિશ્ચલતા સાર...૮

પર પરિણતિ કૃત ચપલતા જી, કેમ છૂટશે એહ;
એમ વિચારી કારણે જી, કરે ગોચરી તેહ...૯

ક્ષમાવંત દયાલુઆજી, નિઃસ્પૃહ તનુનીરાગ;
નિર્વિષયી ગજગતિ પરેજી, વિચરે મુનિ મહાભાગ...૧૦

પરમાનંદ રસ અનુભવી જી, નિજ ગુણ રમતા ધીર;
દેવચંદ્ર મુનિ વાંદતાંજી, લહીયે ભવજલ તીર...૧૧

(ચોથા કારણની ચર્ચા :) શરીરના ધર્મ પ્રમાણે આહાર લેવાથી નીહાર (મળત્યાગ) કરવો પડશે... (તેથી સ્થંડિલ માટે મુનિ બહાર જાય.) આહારાદિના કારણે બહાર જતી વખતે સાધકના મનમાં એ વિચાર ચાલતો હશે કે, ખરેખર શરીર વિનાના સિદ્ધ પરમાત્માને ધન્ય છે, જ્યાં માત્ર નિશ્ચળતા જ છે.

(આહારાદિક) પરની પરિણતિ વડે થયેલી ચપળતા શી રીતે છૂટશે; એમ વિચારી મુનિ કારણે ગોચરી કરે છે.

ક્ષમાવાન્, દયાળુ, નિઃસ્પૃહ, શરીર પ્રત્યે રાગ વગરના, ઈન્દ્રિયોની આસક્તિ વિનાના બડભાગી મુનિ ગજગતિથી (હાથીની જેમ) ચાલે. (ધીમે ધીમે ચાલે.)

પરમાનન્દ રસના અનુભવી, નિજગુણમાં રમતા, ધીર મુનિને વાંદતાં દેવચંદ્રજી ભવજળને કાંઠે પહોંચે છે.

# ભાષાસમિતિની સજ્ઝાય

(રાગ-ચેતન જ્ઞાન અજુવાલીએ)

સાધુજી ! સમિતિ બીજી આદરો, વચન નિર્દોષ પ્રકાશરે;
ગુપ્તિ ઉત્સર્ગનો સમિતિ તે, માર્ગ અપવાદ સુવિલાસરે..૧

ભાવના બીજા મહાવ્રત તણી, જિનભણી સત્યતા મૂલ રે;
ભાવ અહિંસકતા વધે, સર્વ સંવર અનુકૂલ રે...૨

મૌનધારી મુનિ નવિ વદે, વચન જે આશ્રવ ગેહ રે;
આચરણ જ્ઞાન ને ધ્યાનનો, સાધક ઉપદિશે તેહ રે...૩

ઉદિત પર્યાપ્તિ જે વચનની, તે કરી શ્રુત અનુસાર રે;
બોધ પ્રાગભાવ સજ્ઝાયથી,
વળી કરે જગત ઉપકાર રે...૪

મુનિવર ! બીજી સમિતિ આદરો... અને નિર્દોષ વચન બોલો... ગુપ્તિ તે ઉત્સર્ગ માર્ગ છે અને સમિતિ તે અપવાદ માર્ગ છે.

ભાષા સમિતિ બીજા મહાવ્રતની ભાવના છે. તે પ્રભુએ કહેલી છે અને સત્યમૂલા છે.

ભાષા સમિતિ દ્વારા અહિંસક ભાવ વધે છે અને તે સર્વ સંવરને અનુકૂળ છે.

મુનિ મૌનધારી હોય છે અને તેઓ સાવદ્ય-આશ્રવ (પાપ)ના ઘર જેવા-વચનને બોલતા નથી. ચારિત્ર (આચરણ), જ્ઞાન અને ધ્યાનના સાધક વચનો તેઓ બોલે છે.

વચનની ઉદયમાં આવેલ પર્યાપ્તિને શ્રુતના રંગે રંગીને મુનિ બોલે છે. બોધને પ્રગટ કરનારા સ્વાધ્યાયથી તેઓ જગતનો ઉપકાર કરે છે.

સાધુ નિજ વીર્યથી પર તણો, નવિ કરે ગ્રહણને ત્યાગ રે;
તે ભણી વચન ગુપ્તે રહે, એહ ઉત્સર્ગ મુનિ માર્ગ રે...૫

યોગ જે આશ્રવપદ હતો, તે કર્યો નિર્જરા રૂપ રે;
લોહથી કંચન મુનિ કરે, સાધના સાધ્ય ચિદ્રૂપ રે...૬

આત્મહિત પરહિત કારણે, આદરે પંચ સજ્ઝાય રે;
તે ભણી અશન વસનાદિકા, આશ્રય સર્વ અવવાય રે...૭

જિન ગુણ સ્તવન નિજ તત્ત્વને, જોયવા કરે અવિરોધ રે;
દેશના ભવ્ય પ્રતિબોધવા, વાયણા કરણ નિજ બોધ રે...૮

સાધુ પોતાના વીર્યથી-આત્મશક્તિથી પરનો (ભાષા પુદ્ગલો આદિનો) ગ્રહણ કે ત્યાગ કરતા નથી. તેથી તેઓ વચનગુપ્તિમાં જ રહે છે. અને આ જ તેમના માટે ઉત્સર્ગ માર્ગ (સ્વાભાવિક) છે.

જે યોગ-વચનયોગ-આશ્રવના સ્થાન રૂપ હતો, તેને મુનિએ નિર્જરા રૂપ કર્યો છે. જેવી રીતે પારસમણિ લોઢાને સોનામાં ફેરવે છે એ રીતે. સાધના આ રીતે સાધ્યરૂપ-ચિદ્ (જ્ઞાન) રૂપ બને છે.

આત્મહિત અને પરહિત માટે મુનિ પંચવિધ સ્વાધ્યાયને આદરે છે. અને એ સ્વાધ્યાય સુપેરે થઇ શકે એ માટે આહાર, વસ્ત્ર આદિ અપવાદ રૂપ જે છે તે મુનિ ગ્રહણ કરે છે.

ક્યારે ક્યારે મુનિ બોલે ? જિનશ્વરદેવના ગુણો ગાવા દ્વારા નિજ તત્ત્વને અવિરુદ્ધ રૂપે જોવા માટે, ભવ્યોને પ્રતિબોધવા દેશના આપવા માટે અને આત્મબોધ માટે ગ્રન્થોની વાચના લેતી વખતે.

નય ગમ ભંગ નિક્ષેપથી, સહિત સ્યાદ્વાદ યુત વાણ રે;
સોળ દશ ચાર ગુણસું મિલી, કહે અનુયોગ સુપહાણ રે.૯

સૂત્ર ને અર્થ અનુયોગ એ, બીય નિર્યુક્તિ સંજુત્ત રે;
તીય ભાષ્યે નયે ભાવિયો, મુનિ વદે વચન એમ તંત રે...૧૦

જ્ઞાન સમુદ્ર સમતા ભર્યા, સંવર દયા ભંડાર રે;
તત્ત્વ આનંદ આસ્વાદતાં, વંદિયે ચરણ ગુણધાર રે...૧૧

મોહ ઉદયે અમોહી એહવા, શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે;
દેવચન્દ્ર તે મુનિ વન્દીએ, જ્ઞાન અમૃત રસ પીન રે...૧૨

નય (નૈગમ આદિ), ગમ (વ્યાખ્યાન-પદ્ધતિ), ભંગ (સપ્તભંગી આદિ) અને નિક્ષેપથી સહિત સ્યાદ્વાદ યુક્ત વાણી પ્રભુની છે. ૧૬, ૧૦ અને ૪ ગુણથી યુક્ત આ વાણી છે એમ અનુયોગદ્વારસૂત્ર આદિ ગ્રંથો કહે છે.

પ્રભુની વાણી-આગમ ગ્રન્થોને વાંચવાની વિધિ આ પ્રમાણે છે : પહેલી વાચનામાં સૂત્રનું વાંચન અને એનો સામાન્ય અર્થ કહેવાય છે. બીજી વાચનામાં તે સૂત્ર પરની નિર્યુક્તિ સાથે વાચના... ત્રીજી વાચનામાં ભાષ્યને વાંચવાનું હોય છે; જેમાં નયો આદિનું ભાવન હોય છે.

જ્ઞાનના સમુદ્ર રૂપ, સમતાથી સભર, સંવર અને દયાના ભંડાર, તત્ત્વના આનન્દનો આસ્વાદ લેતાં ચારિત્રના ધારક મુનિરાજને વન્દન કરીએ છીએ.

મોહના ઉદય વખતે પણ અમોહી, શુદ્ધ એવા નિજ સાધ્યના લયમાં લીન અને જ્ઞાનામૃતના રસથી પુષ્ટ બનેલા મુનિને દેવચન્દ્ર મુનિ વાંદે છે.

# એષણાસમિતિની સજ્ઝાય

(રાગ-સુમતિનાથ ગુણશું મિલીજી)

સમિતિ તીસરી એષણાજી, પંચ મહાવ્રત મૂલ;
અણાહારી ઉત્સર્ગનો જી, એ અપવાદ અમૂલ...
મનમોહન મુનિવર ! સમિતિ સદા ચિત્ત ધાર...૧

ચેતનતા ચેતન તણીજી, નવિ પરસંગી તેહ;
તિણે પર સન્મુખ નવિ કરેજી, આતમરતિ વ્રતી જેહ..૨

કાયયોગ પુદ્ગલ ગ્રહે જી, એહ ન આતમ ધર્મ;
જાણંગ કરતા ભોગતાજી, હું માહરો એ મર્મ...૩

અનભિસન્ધિ ચલ વીર્યનોજી, રોધક શક્તિ અભાવ;
પણ અભિસન્ધિજ વીર્યથી જી, કિમ ગ્રહે પરભાવ...૪

ત્રીજી સમિતિ છે એષણાસમિતિ...તે પાંચે મહાવ્રતોની સહાયિકા છે. કારણ કે નિર્દોષ ભિક્ષા દ્વારા મુનિને મળેલી શક્તિ પંચમહાવ્રતના પાલનમાં જ રૂપાન્તરિત થાય છે.

ઉત્સર્ગથી-સ્વભાવથી આત્મા અનાહારી છે. તેનો અપવાદ છે એષણાસમિતિ... એ અપવાદ પણ અમૂલ્ય છે. કારણ કે તે સાધનામાં રૂપાન્તરિત થાય છે.

મનને ગમે તેવા (મનમોહન) મુનિરાજ ! તમે સમિતિને સદા હૃદયમાં ધારો.

ચેતનની ચૈતન્ય શક્તિ ક્યારેય પરની સંગિની હોતી નથી. તેથી આત્મરતિ વ્રતી પોતાની શક્તિને પરસમ્મુખા ક્યારેય કરે નહિ.

કાયયોગ પુદ્‌ગલને ગ્રહે છે. પુદ્‌ગલોને લેવા એ આત્મધર્મ નથી. હું આત્મા છું અને જ્ઞાનાદિગુણો તે મારા છે. હું તે ગુણોનો જ્ઞાતા, કર્તા અને ભોક્તા છું.

વીર્યના બે પ્રકાર છે : અનભિસન્ધિજ અને અભિસન્ધિજ. ઇચ્છા પૂર્વકનું શરીર આદિનું હલન ચલન તે અભિસંધિજ ક્રિયા છે. અને શરીરમાં, નસોમાં લોહી વહ્યા કરે છે તે અનભિસંધિજ ક્રિયા છે.

ઈમ પરત્યાગી સંવરીજી, ન ગ્રહે પુદ્ગલખંધ;
સાધક કારણ રાખવાજી, અશનાદિક સંબંધ...૫

આતમ તત્ત્વ અનંતતાજી, જ્ઞાન વિના ન જણાય;
તેહ પ્રગટ કરવા ભણીજી, શ્રુત સજ્ઝાય ઉપાય...૬

તેહ જેહથી દેહ રહેજી, આહારે બળવાન;
સાધ્ય અધૂરે હેતુને જી, કિમ તજે ગુણવાન...૭

તો, અનભિસંધિજ ચલ વીર્યને રોકવાની શક્તિ નથી; પણ અભિસંધિજ વીર્ય વડે આત્મા પર-ભાવ કેમ ગ્રહે? (આંખ આદિ ઈન્દ્રિયોને પરમાં કેમ લઈ જાય?)

પરના ત્યાગી અને ઈન્દ્રિયોના સંવરી મુનિરાજ પુદ્‍ગલ સ્કંધોને ગ્રહતા નથી. હા, જ્ઞાનાદિમાં સાધક આહાર આદિને લેવામાં (ભિક્ષાએ જવામાં કે વાપરવામાં) તેઓ કાયયોગનો વ્યાપાર કરે છે.

આત્મતત્ત્વની જે વડે અનંતતા છે, તે આત્માના અનંત ગુણો જ્ઞાન વિના જણાતા નથી. અને એ જ્ઞાન પ્રગટ કરવા માટે શ્રુતનો સ્વાધ્યાય કરવો તે ઉપાય છે.

તે સ્વાધ્યાય દેહ વડે થાય છે. અને તે દેહ આહાર વડે બળવાન થાય છે.

સ્વાધ્યાય આદિ જરૂરી છે ત્યાં સુધી ગુણવંત મુનિ આહારને છોડી ન શકે. કાર્ય પૂરું થયાં પછી જ કારણને છોડી શકાય ને !

તનુ અનુયાયી વીર્યનોજી, વર્તન અશન સંજોગ;
વૃદ્ધ યષ્ટિ સમ જાણીને જી, અશનાદિક ઉપભોગ...૮

જ્યાં સાધકતા નવિ અડે જી, ત્યાં નવિ ગ્રહે આહાર;
બાધક પરિણતિ વારવા જી, અશનાદિક ઉપચાર...૯

સુડતાલીશે દ્રવ્યના જી, દોષ તજી નીરાગ;
અસંભ્રાન્તિ મૂર્ચ્છા વિના જી, ભ્રમર પેરે વડ ભાગ...૧૦

તત્ત્વરુચિ તત્ત્વાશ્રયી જી, તત્ત્વરસિક નિર્ગ્રન્થ;
કર્મ ઉદયે આહારતા જી, મુનિ માને પલિમંથ...૧૧

લાભ થકી ને અણલહ્યે જી, અતિ નિર્જરા કરંત;
પામ્યે અણવ્યાપકપણે જી, નિર્મમ સંત મહંત...૧૨

અણાહારતા સાધતા જી, સમતા અમૃત કંદ;
ભિક્ષુ શ્રમણ વાચંયમી જી, તે વંદે દેવચન્દ્ર...૧૩

શરીરાનુયાયી જે આત્મશક્તિ છે, તે આહારને કારણે વર્તે છે. જે રીતે વૃદ્ધને લાકડી જોઈએ તેમ શરીરાનુયાયી વીર્યને આહાર જોઈએ છે.

સાધક દશાને અવરોધ ન પહોંચે ત્યાં સુધી મુનિ આહાર લેતા નથી. સાધનામાં અવરોધ આવે તો આહારાદિક લે છે.

ગોચરીના બેંતાલીસ દોષ અને માંડલીના પાંચ દોષ છોડીને નીરાગી મુનિ ઉતાવળ (સંભ્રાન્તિ-શારીરિક ચપળતા) અને મૂર્ચ્છા વિના ભ્રમરની પેરે ફરે છે.

તત્ત્વરુચિ, તત્ત્વાશ્રયી, તત્ત્વરસિક મુનિ કર્મના (અસાતા વેદનીય કર્મના) ઉદયે આહાર કરવા છતાં તેને-આહાર વાપરવાની વિધિને પલિમંથ-સ્વાધ્યાયહાનિ રૂપ માને છે.

ગોચરીનો લાભ મળ્યો તોય મુનિને નિર્જરા છે, ન મળી ગોચરી તોય નિર્જરા છે.

ગોચરી મળ્યે છતે માત્ર સંયમ માટે જરૂરી હોય તેટલી લે છે. મનમાં સહેજ પણ હર્ષ હોતો નથી (અણવ્યાપકપણું), કારણ કે સંતો મમત્વ વગરના હોય છે.

અણાહારીપણાને-સિદ્ધત્વને મેળવવાની ઈચ્છાવાળા, સમતારૂપી અમૃતના કંદસમાન, શ્રમણ, ભિક્ષુ અને વાચંયમને દેવચન્દ્રજી વાંદે છે.

## નિક્ષેપણાસમિતિની સજ્ઝાય

(રાગ-અભિનંદન જિન દરિસણ...)

સમિતિ ચોથી રે ચઉગતિ વારણી, ભાખી શ્રી જિનરાજ;
રાખી પરમ અહિંસક મુનિવરે, ચાખી જ્ઞાન સમાજ...૧

સહજ સંવેગીરે સમિતિ પરિણમે, સાધવા આતમ કાજ;
આરાધન એ સંવર ભાવનો, ભવજલ તરણ જહાજ...૨

અભિલાષી નિજ આતમ તત્ત્વના, સાખી કરી રે સિદ્ધાંત;
નાખી સર્વ પરિગ્રહ સંગને, ધ્યાનાકંખી રે સંત...૩

સંવર પંચમ તણી એ ભાવના, નિરુપાધિક અપ્રમાદ;
સર્વ પરિગ્રહ ત્યાગ અસંગતા, તેહનો એ અપવાદ...૪

ચોથી સમિતિ ચારે ગતિઓને દૂર કરી મોક્ષને આપનાર છે. પ્રભુએ તે કહેલ છે. પરમ અહિંસક મુનિ જ આ સમિતિને પાળી શકે છે. જ્ઞાનના સમૂહ (જ્ઞાનનો સાર જે અનુભવ) દ્વારા તેનો રસાસ્વાદ ચાખી શકાય છે.

સહજ સંવેગી એવા મુનિ આત્મકાર્ય સાધવા માટે સમિતિના ઉપયોગમાં રહે છે. સમિતિ એ સંવરભાવનું આરાધન છે અને ભવજળ તરવા માટે જહાજ છે.

આત્મતત્ત્વને પામવાના ઇચ્છુક મુનિ સિદ્ધાન્તને સાક્ષી રાખીને સર્વ પરિગ્રહના સંગને છોડીને ધ્યાનની આકાંક્ષાવાળા બને છે.

પાંચમા સંવર-અપરિગ્રહની ભાવના સ્વરૂપ આ સમિતિ છે. સમિતિ નિરુપાધિકા છે, કારણ કે 'પર' થી તે પર છે. અપરિગ્રહ એ જ અપ્રમાદ (અમૂર્ચ્છા) છે. સર્વપરિગ્રહનો ત્યાગ છે અસંગતા; તેનો અપવાદ આ સમિતિ છે, કે જરૂરી ઉપકરણો મુનિ રાખે : પણ તેને લેતાં-મૂકતાં પુંજના-પ્રમાર્જના કરે.

શાને મુનિવર ઉપધિ સંગ્રહે, જે પરભાવ વિરત્ત;
દેહ અમોહી રે નવિ લોહી કદા, રત્નત્રયી સંપત્ત...૫

ભાવ અહિંસકતા કારણ ભણી, દ્રવ્ય અહિંસક સાધ;
રજોહરણ મુખ વસ્ત્રાદિક ધરે, ધરવા યોગ સમાધિ...૬

શિવસાધનનું રે મૂલ તે જ્ઞાન છે, તેહનો હેતુ સજ્ઝાય;
તે આહારે તે વળી પાત્રથી, જયણાએ ગ્રહવાય...૭

બાળ તરુણ નર નારી જંતુને, નગ્ન દુર્ગંછાનો હેતુ;
તિણે ચોલપટ્ટ ગ્રહી મુનિ ઉવદિસે, શુદ્ધ ધર્મ સંકેત...૮

પરભાવથી વિરક્ત, દેહને વિષે મોહ વગરના, અલોભી અને રત્નત્રયીથી યુક્ત મુનિ ઉપધિ (ઉપકરણ) શા માટે રાખે ?

ભાવ અહિંસકતાને સાધવા માટે મુનિ દ્રવ્ય અહિંસકતાને સાધે છે. રજોહરણ મુહપત્તી વગેરે દ્રવ્ય અહિંસકતાના સાધક ઉપકરણો છે.

યોગસમાધિ ઉપકરણો દ્વારા મળે છે. (મન, વચન, કાયના યોગનું શુભમાં પ્રવર્તન તે અહીં યોગસમાધિ છે.)

મોક્ષનાં સાધનો (દર્શન, જ્ઞાન, ચારિત્ર)માં મૂળ કારણ જ્ઞાન છે. જ્ઞાન મેળવવા માટે જરૂરી છે શાસ્ત્રગ્રન્થોનો સ્વાધ્યાય. તે સ્વાધ્યાય કરવા માટે (દેહ પોષણના સાધનરૂપે) આહાર જરૂરી છે. આહાર લેવા માટે પાત્ર જરૂરી છે (નહિતર, હાથ વગેરેમાં આહાર લેવાથી તે ઢળે અને કીડીઓ આદિની વિરાધના થાય). એ પાત્રને જયણાપૂર્વક લેવા-મૂકવાં જોઈએ.

બાળ અને તરુણ સ્ત્રી-પુરુષને નગ્નતા એ દુર્ગંછા-જુગુપ્સા હેતુરૂપ છે; તેથી લજ્જાનાં હેતુરૂપ ચોળપટ્ટો પહેરીને મુનિ શુદ્ધ ધર્મના સંકેતો વડે ધર્મોપદેશ આપે.

ડંસ મસક શીતાદિ પરિષહે, ન રહે ધ્યાન સમાધિ;
કલ્પક આદિ નિર્મોહી પણે, ધારે મુનિ નિરાબાધ...૯

લેપ અલેપ નદીના જ્ઞાનનો, કારણ દંડ ગ્રહંત;
દશવૈકાલિક ભગવઈ સાખથી, તનુ સ્થિરતાનો તંત...૧૦

લઘુ ત્રસ જીવ સચિત્ત રજાદિનો, વારણ દુઃખ સંઘટ્ટ;
દેખી પૂંજી રે મુનિવર વાવરે, એ પૂરવ મુનિવટ્ટ...૧૧

ડાંસ, મચ્છર, ઠંડી વગેરેના પરિષહોના સમયે ધ્યાનમાં સમાધિ ન રહે તેથી મુનિ કપડાને ધારે છે. જેથી ઠંડી, મચ્છર વગેરેથી રક્ષા થાય... એ વસ્ત્રને પણ મોહ વગર અને બાધા-પીડા વિના ધારણ કરે છે. આત્માને બાધા ઊપજાવનાર આત્માની અશુદ્ધ પરિણતિ છે, તે અહીં નથી.

નદી ઊતરતી વખતે તેનું પાણી કેટલું ઊંડું છે, તે જાણવા માટે દાંડાને મુનિરાજ ધારે છે. લેપ એટલે નાભિ સુધીનું પાણી. તો, પાણી કેટલું ઊંડું છે તેનો ખ્યાલ દાંડાથી-દાંડાને નદીમાં મૂકીને જોવાથી- આવે છે. ભગવતીસૂત્ર અને દશવૈકાલિકસૂત્ર આદિમાં તેના ઉપયોગની વાત છે. વળી વૃદ્ધાવસ્થામાં શરીરની સ્થિરતા માટે પણ દાંડો જરૂરી છે.

કુંથુઆ જેવા નાના હાલતા-ચાલતા (ત્રસ) જંતુઓ તથા સચિત્ત રજ વગેરેના દુખકારક [તે પ્રાણીઓને તથા પોતાને (ભવિષ્યમાં)] સંઘટ્ટ (સ્પર્શ)ને વારવા માટે મુનિ દેખી અને પુંજીને પાત્રાદિને વાપરે એ પૂર્વ મુનિવરો દ્વારા આચરાયેલ આચાર (વૃત્ત) છે.

પુદ્ગલ ખંધ ગ્રહણ નિખેવણા, દ્રવ્યે જયણારે તાસ;
ભાવે આતમ પરિણતિ નવનવી,
ગ્રહતાં સમિતિ પ્રકાશ..૧૨

બાધક ભાવ અદ્વેષપણે તજે, સાધક લે ગતરાગ;
પૂરવ ગુણ રક્ષક પોષણપણે, નીપજતે શિવમાર્ગ...૧૩

સંયમ શ્રેણે રે સંચરતાં મુનિ, હરે કર્મ કલંક;
ધરતા સમતારસ એકત્વતા, તત્ત્વરમણી નિ:શંક...૧૪

જગ ઉપકારી રે તારક ભવ્યના, લાયક પૂર્ણાનન્દ;
દેવચન્દ્ર એહવા મુનિરાજના, વંદે પય અરવિન્દ...૧૫

પુદ્‌ગલ સ્કંધને / પાત્ર આદિને જયણા વડે લેવા અને મૂકવા તે દ્રવ્ય જયણા છે અને આત્મ-પરિણતિની નવી નવી પ્રકાશના થવી તે ભાવ જયણા છે. (પરપરિણતિને છોડવી અને સ્વપરિણતિને સ્વીકારવી.)

બાધક ભાવ રૂપ જે પરિણતિ છે તેને દ્વેષ રહિત પણે છોડે અને સાધક આત્મપરિણતિને રાગ વિના સ્વીકારે આવી રીતે આત્મપરિણતિનો ત્યાગ અને સ્વીકાર પૂર્વ ગુણ (સમ્યક્ત્વ આદિ) ના રક્ષણ તથા પોષણનું કાર્ય કરે છે... અને એ રીતે સાધક મોક્ષમાર્ગમાં આગળ વધ્યા કરે છે.

સંયમશ્રેણિને વિષે ચઢતા મુનિ કર્મકલંકને હરી રહ્યા છે, સમતા રસની સાથે એકત્વતા ધારી રહ્યા છે, અને નિઃશંક રીતે તત્ત્વમાં રમણ કરી રહ્યા છે.

જગતના ઉપકારી, ભવ્યોના તારક, પૂર્ણ આનંદ-અભેદ રત્નત્રયીનાં આનંદને પામવા માટે સજ્જ એવા મુનિરાજના પદકમળને દેવચન્દ્ર મુનિ વાંદે છે.

## પારિષ્ઠાપનિકાસમિતિની સજ્ઝાય

(રાગ-મુજ મનડામાં તું વસ્યો રે...)

પંચમી સમિતિ કહી અતિ સુન્દરુ, પારિઠાવણિયા નામ;
પરમ અહિંસક ધર્મ વધારણી, મૃદુ કરુણા પરિણામ...
મુનિવર સેવજો રે, સમિતિ સદા સુખદાય,
થિરતા ભાવે સંયમ સોહાય, ધરે નિર્મલ સંવર થાય...૧

દેહ નેહથી ચંચળતા વધે રે, વિકસે દુષ્ટ કષાય;
તિણે તનુરાગ ત્યજી ધ્યાને રમે રે,
જ્ઞાન ચરણ સુપસાય...૨

જિહાં શરીર તિહાં મલ્ ઉપજે, તેહ તણો પરિહાર;
કરે જન્તુ ચર સ્થિર અણદુહવ્યા, સકલ દુર્ગંછા વાર...૩

સંયમ બાધક આત્મવિરાધના રે, આણાઘાતક જાણ;
ઉપધિ અશન શિષ્યાદિક પરઠવેરે,
આયતિ લાભ પિછાણ..૪

પારિષ્ઠાપનિકા નામની પાંચમી સમિતિ અતિ સુન્દર છે. પરમ અહિંસક ધર્મને તે વધારે છે અને મૃદુતા અને કરુણા પરિણામથી તે યુક્ત છે.

મુનિવર ! સુખદાયી આ સમિતિને તમે સેવજો. સ્થિરતા ભાવ વડે સંયમ શોભે છે અને સમિતિપાલના વડે સંવરભાવ નિર્મળ થાય છે.

શરીર પ્રત્યેના સ્નેહથી ચંચળતા વધે છે, દુષ્ટ કષાયો પણ વધે છે. તેથી તનુરાગને છોડીને મુનિરાજ જ્ઞાન અને ચારિત્રના પ્રસાદ વડે ધ્યાનમાં રમે છે.

જ્યાં શરીર છે ત્યાં મેલ ઉપજે છે. તે મેલનો ત્યાગ સ્થાવર અને ત્રસ જીવોની વિરાધના વગર અને દુર્ગંચ્છા વગર કરવો જોઈએ.

ઉપધિ કે આહાર અથવા દુર્મતિ શિષ્ય આવી ગયા પછી એનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે રાખવાથી સંયમ બાધક આત્મવિરાધના થશે અને એ આજ્ઞાઘાતક થશે. પરઠવવાથી ભવિષ્યમાં લાભ થશે.

વધ્યા આહારે તપિયા પરઠવે, નિજ કોઠે અપ્રમાદ;
દેહ અરાગી ભાત અવ્યાપતા રે, તેહનો એ અપવાદ...૫

સંલોકાદિક દૂષણ પરિહરી રે, વર્જી રાગ ને દ્વેષ;
આગમ રીતે પરઠવણા કરે રે, લાઘવ હેતુ વિશેષ...૬

કલ્પાતીત અહાલંદી ક્ષમી રે, જિન કલ્પાદિ મુનીશ;
તેહને પરઠવણા એક મલ તણી રે, તેહ અલ્પ વળી દિશ...૭

રાત્રે પ્રસ્ત્રવણાદિક પરઠવૈ રે, વિધિકૃત મંડલ ઠામ;
થિવિર કલ્પનો એ અપવાદ છે રે, ગ્લાનાદિકને કામ...૮

વળી એહ દ્રવ્યથી ભાવે પરઠવે રે, બાધક જે પરિણામ;
દ્વેષ નિવારી માદકતા વિના રે, સર્વ વિભાવ વિરામ...૯

આહાર વધી જવાથી તપસ્વી મુનિ પ્રમાદ (રાગ-દ્વેષ) વિના પોતાના પેટમાં નાખે. ('પારિટ્ઠાવણિયા-ગારેણં'ની છૂટ લેવાતી હતી ત્યારની આ વાત છે.) દેહ પ્રત્યે તેઓ નિરાગી છે, આહાર પ્રત્યે પણ આસક્તિ નથી... એટલે અપવાદરૂપે તપસ્વી મુનિ ઉપવાસ, આયંબિલ આદિમાં પણ વધેલો આહાર વાપરે છે.

સંલોક (લોકો જોતા હોય) આદિ દૂષણને છોડીને, રાગ અને દ્વેષ વિના, આગમમાં કહ્યું છે એ રીતે પરઠવે છે. દોષોના લાઘવ માટે આ પરિષ્ઠાપના છે.

કલ્પાતીત (તીર્થંકર ભગવંત), યથાછંદક મુનિ અથવા જિન કલ્પિક આદિ મુનિઓને એક માત્ર મલની જ પારિષ્ઠાપના છે અને તે પણ બહુ થોડી જ હોય છે.

રાત્રે માત્રુ વગેરે પરઠવવાનું સાંજે જે મંડલ (ભૂમિ) જોઈ રાખેલ છે, ત્યાં કરે. આ સ્થવિર કલ્પીનો અપવાદ છે. વળી ગ્લાન મુનિ આદિના સ્થંડિલ પરઠવવા વગેરે માટે પણ આ ઉપયોગમાં આવે છે.

વળી આ પરિષ્ઠાપના દ્રવ્યથી છે. ભાવથી તો જે બાધક પરિણામો છે, તેમને દ્વેષ, અહંકાર વિના છોડવાના છે અને એ રીતે સર્વ વિભાવથી પર બનવાનું છે.

આતમ પરિણતિ તત્ત્વમયી કરે રે, પરિહરતા પરભાવ;
દ્રવ્ય સમિતિ પણ ભાવ ભણી ધરે રે,
મુનિનો એહ સ્વભાવ...૧૦

પંચ સમિતે સમિતા પરિણામથી રે, ક્ષમાકોષ ગતરોષ;
ભાવન પાવન સંયમ સાધતા રે, કરતાં ગુણ ગણ પોષ.૧૧

સાધ્યરસી નિજ તત્ત્વે તન્મયી રે, ઉત્સર્ગી નિર્માય;
યોગ ક્રિયા ફલ ભાવ અવંચતા રે,
શુચિ અનુભવ સુખદાય...૧૨

આણાયુત નાણી દર્શની રે, નિશ્ચય નિગ્રહવન્ત;
દેવચન્દ્ર એહવા નિર્ગ્રન્થ છે રે, મુજ ગુરુ તત્ત્વ મહંત...૧૩

પરભાવને દૂર કરતાં મુનિ આત્મપરિણતિને તત્ત્વમયી કરે છે અને એ રીતે દ્રવ્ય સમિતિને પણ ભાવ સમિતિ રૂપે ધારે છે.

પાંચે સમિતિના પરિણામથી પરિણત, ક્ષમાધન, અક્રોધ, મુનિ ભાવનાથી પવિત્ર એવા સંયમને સાધે છે અને ગુણોના સમૂહને પોષે છે.

સાધ્યરસિક, નિજતત્ત્વ (આત્મતત્ત્વ)માં ડૂબેલા, ઉત્સર્ગરુચિ, માયા વગરના મુનિરાજ યોગાવંચકતા, ક્રિયાવંચકતા, ફલાવંચકતા અને ભાવાવંચકતા દ્વારા પવિત્ર એવા અનુભવને પામે છે.

આજ્ઞાયુક્ત, સમ્યગ્જ્ઞાની, દર્શની, ઈન્દ્રિયો પરના નિગ્રહવાળા અને તત્ત્વ પ્રાપ્તિ દ્વારા મહાન્ બનેલા નિર્ગ્રન્થ મારા ગુરુ છે. એમ દેવચંદ્રજી કહે છે.

## મનોગુપ્તિની સજ્ઝાય

(રાગ-સુત સિદ્ધારથ ભૂપનો રે...)

મુનિ ! મન વશ કરો રે, મન એ આશ્રવ ગેહો;
મન મમતા રસી મનથી રે, ટાળો યતિવર તેહો...
મન એ તારશે, મન સ્થિર યતિવર તેહો...૧

દુષ્ટ તુરંગમ ચિત્ત તે કહ્યું રે, સો મોહ નૃપતિ પ્રધાન;
આર્ત રૌદ્રનું ક્ષેત્ર એ રે, રોક ! તું જ્ઞાનનિધાન...૨

ગુપ્તિ પ્રથમ એ સાધુને રે, ધર્મ શુક્લનો રે કંદ;
વસ્તુ ધર્મ ચિન્તન રમ્યા રે, સાધે પૂર્ણાનન્દ રે...૩

યોગ તે પુદ્‌ગલ જોગ છે રે, બાંધે અભિનવ કર્મ;
યોગ વર્તના કંપના રે, નવિ એ આતમધર્મ...૪

હે મુનિરાજ ! તમે મનને વશ કરો. મન આશ્રવનું ઘર છે. મમતાને મનથી ટાળશો... તો એ જ સ્થિર મન તારશે.

મોહથી ઘેરાયેલું મન દુષ્ટ (ખોટી રીતે શિક્ષિત થયેલ) ઘોડા જેવું છે. એ મન આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનું ક્ષેત્ર છે હે જ્ઞાનનિધાન ! આવા મનને તું રોક !

મનોગુપ્તિ ધર્મધ્યાન અને શુક્લધ્યાનના મૂળ સમાન છે. મનોગુપ્ત સાધક વસ્તુના સ્વભાવના ચિન્તનમાં હોય છે અને એ કારણે તેઓ અત્યંત આનન્દી હોય છે.

યોગ (મનોયોગ, વચનયોગ, કાયયોગ) એટલે પુદ્‌ગલ સાથે જોડાવું. અને એનો અર્થ થયો નવાં નવાં કર્મોને બાંધવાં.

યોગમાં વર્તવું એટલે કે કમ્પન (વિચારો, બોલવું આ બધું જ છે કંપન), અને કમ્પન એ આત્મધર્મ નથી. સ્થિરતા (સ્વગુણમાં સ્થિર થવું) એ આત્મધર્મ છે.

વીર્ય ચપલ પરસંગમી રે, એહ ન સાધક પક્ષ;
જ્ઞાન ચરણ સહકારતા રે, વરતાવે મુનિ દક્ષ...૫

સવિકલ્પ ગુણ સાધના રે, ધ્યાનીને ન સુહાય;
નિર્વિકલ્પ અનુભવ રસી રે, આત્માનન્દી થાય રે...૬

રત્નત્રયીની ભેદતા રે, એહ સમલ વ્યવહાર;
ત્રિગુણ વીર્ય એકત્વતા રે, નિર્મળ આતમચારો...૭

શુક્લ ધ્યાન શ્રુતાલંબના રે, એ પણ સાધન દાવ;
વસ્તુ ધર્મ ઉત્સર્ગ મેં રે, ગુણ ગુણી એક સ્વભાવો...૮

પર સહાય ગુણ વર્તના રે, વસ્તુ ધર્મ ન કહાય;
સાધ્યરસી તે કિમ ગ્રહે રે, સાધુ ચિત્ત સહાય...૯

વીર્ય-આત્મશક્તિ ચપળ હોય અને પરના સંગમાં હોય એ સાધકના પક્ષે ખૂલતી વાત નથી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર તરફ જ વીર્યને મુનિ વહેવડાવે છે.

સમ્યગ્દર્શન આદિ ગુણોની સાધના વિકલ્પની પૃષ્ઠભૂ પર હોય તો એ ધ્યાનીને ગમે નહિ. ધ્યાની તો નિર્વિકલ્પ અનુભવમાં રસવાળો છે. અને એ રીતે એ આત્માનન્દી થાય છે.

ભેદ રત્નત્રયી એ ક્ષયોપશમ ભાવની (આત્માની સમલ દશાની) ઘટના છે. અભેદ રત્નત્રયી (ક્ષાયિક ભાવની) જ નિર્મળ આત્મચરણ છે.

શુક્લધ્યાનમાં શ્રુતનું આલંબન (પહેલા પાયામાં) છે, એ પણ સાધન કોટિની વાત છે. હકીકતમાં, ગુણો અને ગુણી એકરૂપ જ બની રહે છે. અભિન્ન જ છે ગુણો અને ગુણી.

પરની સહાયથી (વિચાર આદિની) પોતાના ગુણોમાં વર્તવું એ વસ્તુધર્મ નથી. સાધ્યરસી (આત્મ તત્ત્વ પર મીટ માંડીને બેઠેલ) સાધક ચિત્તની સહાય કેમ ગ્રહે ?

આત્મરુચિ આત્માલયી રે, ધ્યાતા તત્ત્વ અનંત;
સ્યાદ્વાદ જ્ઞાની મુનિ રે, તત્ત્વ રમણ ઉપશાંત...૧૦

નવિ અપવાદ રુચિ કદા રે, શિવ રસિયા અણગાર;
શક્તિ યથાગમ સેવતાં રે, નિન્દે કર્મ પ્રચાર...૧૧

શુદ્ધ સિદ્ધ નિજ તત્ત્વતા રે, પૂર્ણાનન્દ સમાજ;
દેવચન્દ્ર પદ સાધતાં રે, નમિયે તે મુનિરાજ રે...૧૨

આત્મતત્ત્વમાં રુચિવાળા, આત્મભાવમાં સ્થિર રહેનાર, અનંત આત્મતત્ત્વનું ધ્યાન કરનાર, સ્યાદ્વાદ જ્ઞાનથી યુક્ત, તત્ત્વરમણી અને ઉપશાંત હોય છે, સાધક.

અપવાદ પર રુચિ વગરના, મોક્ષ તત્ત્વના રસિક મુનિરાજ શક્તિપૂર્વક આગમની સેવા કરીને કર્મના પ્રચારને નિન્દે છે.

શુદ્ધ અને સિદ્ધ નિજ તત્ત્વમાં આવેલી લીનતા જેમને પૂર્ણ આનન્દ આપે છે, અને જેઓ દેવચંદ્ર (પરમ) પદને સાધી રહ્યા છે એવા મુનિરાજના ચરણમાં વન્દના.

## વચનગુપ્તિની સજ્ઝાય

(રાગ-જિમ જિમ એ ગિરિ ભેટીએ રે...)

વચનગુપ્તિ સુધી ધરો રે, વચન તે કર્મસહાય સલુણા;
ઉદયાશ્રિત જે ચેતના રે, નિશ્ચે તેહ અપાય
સલુણા. ૧

વચન અગોચર આતમારે, સિદ્ધ તે વચનાતીત સ૦
સત્તા અસ્તિ સ્વભાવ મેં રે, ભાષક ભાવ અતીત
સલુણા. ૨

અનુભવરસ આસ્વાદતાંરે, કરતાં આતમધ્યાન; સ૦
વચન તે બાધક ભાવ છે રે, ન વદે મુનિ અનિદાન
સલુણા. ૩

વચનાશ્રવ પલટાવવારે, મુનિ સાધે સ્વાધ્યાય; સ૦
તેહ સર્વથા ગોપવે રે, પરમ મહારસ થાય
સલુણા. ૪

ભાષા પુદ્ગલ વર્ગણારે, ગ્રહણા નિસર્ગ ઉપાધિ; સ૦
કરવા આતમવીર્યને રે, શાને પ્રેરે સાધ
સલુણા. ૫

સારી બુદ્ધિવાળા સાધક ! તમે વચનગુપ્તિને પાળો. વચન કર્મની સહાયથી થાય છે, અને કર્મના ઉદયને પામેલી ચેતના એ જ તો તકલીફની વાત છે.

આત્માનું સ્વરૂપ શબ્દોને પેલે પારનું છે. સિદ્ધ ભગવંતનું પણ એ જ સ્વરૂપ છે. આત્મસત્તાના અસ્તિત્વ રૂપ સ્વરૂપમાં પણ શબ્દો અકિંચિત્કર છે.

અનુભવ રસને આસ્વાદતા અને આત્મધ્યાન કરતા મુનિરાજ છે. આ આસ્વાદમાં વચન અવરોધ રૂપ છે. માટે નિરાશંસ મુનિ બોલતા નથી.

વચનના આશ્રવને પલટાવવા મુનિરાજ સ્વાધ્યાયને સાધે છે. પણ એ પણ સર્વથા લુપ્ત થઈ જાય છે, (સ્વાધ્યાય-શબ્દાત્મક ગોખવાનું) ત્યારે પરમ આનંદ મળે છે.

ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવા અને છોડવા એ ઉપાધિ (વિભાવ) છે. એ માટે સંયમી આત્મવીર્યને શા માટે પ્રયોજે ?

યાવત્ વીરજ ચેતના રે, આતમ ગુણ સંપત્ત; સ૦
તાવત્ સંવર નિર્જરા રે, આશ્રવ પર આયત્ત
સલુણા. ૬

ઈમ જાણી સ્થિર સંયમી રે, ન કરે ચપળ પલિમંથ; સ૦
આત્માનન્દ આરાધતાં રે, અન્તરથી નિર્ગ્રન્થ
સલુણા. ૭

સાધ્ય સિદ્ધ પરમાતમા રે, તસુ સાધન ઉત્સર્ગ; સ૦
બાર ભેદે તપ દ્વિવિધે રે, સકળ શ્રેષ્ઠ વ્યુત્સર્ગ
સલુણા. ૮

સમકિત ગુણ ઠાણે કર્યો રે, સાધ્ય અયોગી ભાવ; સ૦
ઉપાદાનતા એહની રે, ગુપ્તિ રૂપ સ્થિર ભાવ
સલુણા. ૯

ગુપ્તિ રુચિ ગુપ્તે રમ્યા રે, કારણે સમિતિ પ્રપંચ; સ૦
કરતા સ્થિરતા ઈહતા રે, ગ્રહે તત્ત્વ ગુણ સંચ
સલુણા. ૧૦

જ્યાં સુધી વીર્યચેતના આત્મગુણથી યુક્ત હોય છે ત્યાં સુધી સંવર અને નિર્જરા છે. પરને આશ્રયે વીર્ય જાય ત્યારે છે આશ્રવ.

આમ જાણીને સ્થિર સંયમી ચપળ એવા પલિમંથને કરતો નથી. (પલિમંથનો અર્થ છે સ્વાધ્યાય હાનિ...એવું કાર્ય જેમાં સ્વાધ્યાયની હાનિ થાય છે. ઉપલક્ષણથી અહીં પલિમંથનો અર્થ પરમાં જવું એવો થશે.) ભીતરથી નિર્ગ્રન્થ મુનિ આત્માનન્દમાં મહાલે છે.

સાધકનું સાધ્ય છે સિદ્ધ પરમાત્મા. તેનું સાધન થશે ઉત્સર્ગ-ત્યાગ. તપ બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યન્તર રૂપ. એક એકના છ - છ ભેદ થવાથી બાર પ્રકાર થશે. એમાં સર્વ શ્રેષ્ઠ કાયોત્સર્ગ છે; જે ગુપ્તિ સ્વરૂપ છે.

સમ્યક્ત્વ ગુણસ્થાનકે સાધ્ય રૂપે અયોગી ભાવ નિશ્ચિત કર્યો છે. તેનું કારણ છે ગુપ્તિ રૂપ સ્થિરતા.

ગુપ્તિની સાધના વડે મુનિ ગુપ્તિમાં રમે છે. કારણ હોય ત્યારે જ તેઓ સમિતિને સ્વીકારે છે.

અપવાદે ઉત્સર્ગની રે, દૃષ્ટિ ન ચૂકે જેહ; સ૦
પ્રણમે નિત્ય પ્રત્યે ભાવસું રે, દેવચન્દ્ર મુનિ તેહ
સલુણા. ૧૧

સ્થિરતાને પામીને અને એથી પણ ઉત્કૃષ્ટ કક્ષાની સ્થિરતાની ઇચ્છા રાખીને મુનિવર તત્ત્વ-આત્મતત્ત્વના ગુણોના સમૂહને મેળવે છે.

અપવાદ વખતે-સમિતિ પાલન વખતે-પણ જેઓ ઉત્સર્ગની દૃષ્ટિને ચૂકતા નથી; એવા મુનિવરને દેવચન્દ્રમુનિ હંમેશા ભાવથી નમે છે.

# કાયગુપ્તિની સજ્ઝાય

(રાગ-જ્ઞાનપદ ભજીએ રે જગત સુહંકરુ...)

ગુપ્તિ સંભારો રે ત્રીજી મુનિવરુ, જેહથી પરમ આનંદોજી;
મોહ ટળે ઘનઘાતી પરગલે, પ્રગટે જ્ઞાન અમંદોજી...૧

કિરિયા શુભ અશુભ ભવ બીજ છે,
તેણે તજી તનુ વ્યાપારો જી;
ચંચલ ભાવ તે આશ્રવ મૂલ છે,
જીવ અચલ અવિકારોજી...૨

ઈન્દ્રિય વિષય સકલનું દ્વાર એ,
બંધ હેતુ દૃઢ એહો જી;
અભિનવ કર્મ ગ્રહે તનુયોગથી,
તિણે થિર કરીયે દેહોજી...૩

આતમવીર્ય ફુરે પર સંગ જે, તે કહીયે તનુયોગો જી;
ચેતન સત્તારે પરમ અયોગી છે,
નિર્મલ સ્થિર ઉપયોગોજી...૪

મુનિવર ! ત્રીજી કાયગુપ્તિને યાદ કરો. એને યાદ કરવાથી પરમ આનંદ ઉપજશે. મોહ ટળશે, ઘાતીકર્મો ગળશે અને પુષ્કળ જ્ઞાન પ્રગટશે.

શુભ અને અશુભ ક્રિયા ભવના બીજ રૂપ છે; તેથી શરીરની ક્રિયાઓને છોડી દેવી. ચંચળ ભાવ તે જ આશ્રવનું મૂળ છે. અને જીવ તો છે અચળ, અવિકાર.

કાયા જ ઈન્દ્રિયોના સકળ વિષયોને ગ્રહવાનું દ્વાર છે. તે બંધના હેતુ રૂપ છે. કારણ કે શરીર વડે જ નવાં કર્મો બંધાય છે. તેથી કાયયોગને સ્થિર કરવો જોઈએ.

આત્મશક્તિ પરના સંગે સ્ફુરે, તે છે કાયયોગ. આત્મસત્તા યોગોને પેલે પાર છે. નિર્મળ, સ્થિર ઉપયોગ તે છે આત્મસત્તા.

યાવત્ કંપન તાવત્ બંધ છે, ભાખ્યું ભગવઈ અંગે જી;
તે માટે ધ્રુવ તત્ત્વ રસે રમે, માહણ ધ્યાન પ્રસંગેજી...૫

વીર્ય સહાયી રે આતમ ધર્મનો,
અચલ સહજ અપ્રયાસો જી;
તે પરભાવ સહાયી કિમ કરે,
મુનિવર ગુણ આવાસોજી...૬

ખંતિ મુક્તિ રે અકિંચની,
શૌચ બ્રહ્મધર ધીરો જી;
વિષમ પરિષહ સૈન્ય વિદારવા,
વીર પરમ સૌંડીરો જી...૭

કર્મપડલ દલક્ષય કરવા રસી,
આતમ ઋદ્ધિ સમૃદ્ધો જી;
દેવચંદ્ર જિન આણા પાળતાં,
વંદો ગુરુ ગુણ વૃદ્ધો જી...૮

પરમપાવન ભગવતી સૂત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી કંપન છે, ત્યાં સુધી બંધ છે. તેથી કરીને સાધક ધ્યાનના સમયે નિશ્ચળ આત્મતત્ત્વના રસમાં રમે છે.

આત્મધર્મની સહાયક શક્તિ અચલ, સહજ અને અપ્રયાસ છે. ગુણના ભંડાર મુનિવર તે શક્તિને પરભવની સહાયિકા કેમ કરે ?

ક્ષમા, મુક્તિ, આકિંચન્ય, શૌચ, બ્રહ્મચર્ય આદિ મુનિગણોને ધરનાર, ધીર સાધક વિષમ પરિષહોના સૈન્યને ચૂરી નાખવા માટે વીર અને પરમ બળવાન છે.

કર્મ પટલ (પડલ-પડ) ના સમૂહનો ક્ષય કરવા રસિક મુનિરાજ આત્મઋદ્ધિથી સમૃદ્ધ છે. દેવોમાં ચન્દ્ર સમાન પ્રભુની આજ્ઞાને પાળતા તે મહાન ગુણોથી વૃદ્ધ મુનિરાજને વન્દન કરો !

# અધ્યાત્મગીતા

પ્રણમિયે વિશ્વહિત જૈનવાણી,
મહાનંદતરુ સિંચવા અમૃત પાણી,
મહામોહપુર ભેદવા વજ્ર પાણી,
ગહન ભવફંદ છેદન-કૃપાણી. ॥૧॥

દ્રવ્ય અનંત પ્રકાશક, ભાસક તત્ત્વ સ્વરૂપ,
આતમ તત્ત્વ વિબોધક, શોધક સચ્ચિદ્રુપ !,
નય નિક્ષેપ પ્રમાણે, જાણે વસ્તુ સમસ્ત,
ત્રિકરણ યોગે પ્રણમું, જૈનાગમ સુપ્રશસ્ત. ॥૨॥

વિશ્વને હિતકારી, મહાનંદરુપ વૃક્ષને સિંચવામાં અમૃત સમાન, મહામોહરુપનગરને નષ્ટ કરવામાં ઈન્દ્ર સમાન અને અત્યંત ગહન એવા સંસાર રુપ જાળને તોડવામાં તીક્ષ્ણ તલવારની ધાર સમાન શ્રી જિનેશ્વર ભગવાનની વાણી (આગમ) ને નમસ્કાર કરીએ છીએ.

જીવ અજીવ આદિ અનંતાનંત દ્રવ્યને પ્રકાશિત કરનાર, આત્મતત્ત્વના શુદ્ધ સ્વરૂપને જણાવનાર અને અનુભવ કરાવનાર સચ્ચિદાનંદ સ્વરૂપના શોધક, નય નિક્ષેપ અને પ્રમાણો વડે સમસ્ત વસ્તુઓને જાણનાર એવા પ્રશસ્ત જિનાગમને હું ત્રિકરણયોગ (મન-વચન-કાયા) વડે પ્રણામ કરું છું.

જિણે આતમા શુદ્ધતાએ પીછાણ્યો,
તિણે લોક-અલોકનો ભાવ જાણ્યો,
આત્મરમણી મુનિ જગવિદિતા,
ઉપદિસી તિણે અધ્યાત્મગીતા. ॥૩॥

દ્રવ્ય સર્વના ભાવનો જાણગ પાસગ એહ,
જ્ઞાતા, કર્તા, ભોક્તા, રમતા, પરિણતિ ગેહ,
ગ્રાહક, રક્ષક, વ્યાપક, ધારક ધર્મ સમૂહ,
દાન, લાભ, બલ, ભોગ, ઉપભોગ તણો જે વ્યૂહ. ॥૪॥

સંગ્રહે એક આયા વખાણ્યો,
નૈગમે અંશથી જે પ્રમાણ્યો,
દુવિધ વ્યવહાર નય વસ્તુ વિહંચે,
અશુદ્ધ વલિ શુદ્ધ ભાસન પ્રપંચે. ॥૫॥

જે મુનિએ આત્માની નિશ્ચય શુદ્ધ સ્વરૂપ અવસ્થાને જાણી છે, તે મુનિએ લોકાલોકના સર્વ ભાવોને પણ જાણી લીધા છે, આત્મસ્વભાવમાં રમણ કરનારા અને જગતમાં પ્રસિદ્ધ એવા મુનીશ્વરોએ અધ્યાત્મગીતાનો ઉપદેશ કર્યો છે. અર્થાત્ રચના કરી છે.

આત્મરમણી મુનિ સર્વ દ્રવ્યના જાણનારા અને જોનારા હોય છે. તેમજ આત્મતત્ત્વના જ્ઞાતા હોય છે, તથા પોતાના અનંત ગુણ-પર્યાયના કર્તા-ભોક્તા હોય છે. (સ્વ) આત્મ પરિણતિરૂપ ઘરમાં નિરંતર રમણતા કરે છે, સ્વધર્મના જ ગ્રાહક, રક્ષક, વ્યાપક, ધારક હોય છે, અને જેમને (દાન, લાભ, બળ (વીર્ય), ભોગ ઉપભોગ રૂપ) પાંચ લબ્ધિઓ પણ પ્રગટી છે...એવા મહામુનિઓ જ ખરેખર અધ્યાત્મના સ્વરૂપનું અનુભવાત્મક-સચોટ વર્ણન કરી શકે છે.)

સંગ્રહનયના મતે સર્વ જીવો સત્તાએ એક રૂપ હોવાથી એક જ આત્મા જાણવો, નૈગમનયના મતે સર્વજીવ અંશથી એક સરખા જાણવા. વ્યવહારનયના મતે આત્માના બે ભેદ (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ-સંસારી આત્માના પણ ભેદ-પ્રભેદનો વિસ્તાર વ્યવહારનયના મતે જ થાય છે.

અશુદ્ધપણે પણ-સયતેસઠી ભેદ પ્રમાણ,
ઉદય વિભેદે દ્રવ્યના ભેદ અનંત કહાણ;
શુદ્ધપણે ચેતનતા પ્રગટે જીવ વિભિન્ન,
ક્ષયોપશમિક અસંખ્ય ક્ષાયિક એક અનુન્ન. ॥૬॥

નામથી જીવ ચેતન પ્રબુદ્ધ,
ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી વિશુદ્ધ;
દ્રવ્યે સ્વગુણ પર્યાય પિંડ,
નિત્ય એકત્વ સહજે અખંડ. ॥૭॥

ઋજુસૂત્રે વિકલ્પ પરિણામી જીવ સ્વભાવ,
વર્તમાન પરિણતિમય વ્યક્તે ગ્રાહકભાવ;
શબ્દનયે નિજ સત્તા જોતો ઈહતો ધર્મ,
શુદ્ધ અરુપી ચેતન અણગ્રહતો નવ કર્મ. ॥૮॥

અશુદ્ધ વ્યવહારનયના મતે જીવના ૫૬૩ ભેદ થાય છે. ઔદયિકભાવના યોગે તો જીવદ્રવ્યના અનંતા ભેદ કહ્યા છે. શુદ્ધ વ્યવહારનયે જીવની ચેતના શક્તિ વિભિન્ન (અનેક પ્રકારે) પ્રગટે છે. તેમાં પણ ક્ષાયોપશમિકભાવના અસંખ્ય પ્રકાર છે અને ક્ષાયિકભાવનો તો એક જ પ્રકાર છે... જેમ કેવલજ્ઞાનનો એક જ પ્રકાર છે....

નામની અપેક્ષાએ જીવને "ચેતન" કહેવામાં આવે છે. (ચેતના લક્ષણવાળો જીવ હોય છે.) ક્ષેત્રની અપેક્ષાએ જીવ નિર્મલ અસંખ્ય પ્રદેશી છે. દ્રવ્યની અપેક્ષાએ જીવ સ્વગુણ પર્યાયનો સમૂહ (પિંડ)રૂપ છે અને ભાવની અપેક્ષાએ જીવ શાશ્વત, સહજસ્વભાવી, એક અને અખંડ છે.

ઋજુસૂત્રનય વિકલ્પરૂપ જીવના પરિણામિક સ્વભાવને ગ્રહણ કરે છે, અને વર્તમાનમાં જેવી પરિણતિ દેખાતી હોય તેને જ તે ગ્રહણ કરે છે. શબ્દનયના મતે જે જીવ પોતાની શુદ્ધ સત્તાની ઓળખાણ કરી તે શુદ્ધ ધર્મને પ્રગટ કરવા ઈચ્છતો હોય, તે નિર્મલ અરૂપી નવીન કર્મના અબંધક એવા આત્માને શબ્દનય જીવ માને છે.

ઇણિ પરે શુદ્ધ સિદ્ધાત્મરુપી,
મુક્ત પરશક્તિ વ્યક્ત અરુપી;
સમકિતિ દેશ યતિ સર્વવિરતિ,
ધરે સાધ્યરૂપે સદા તત્ત્વપ્રીતિ. ॥૯॥

સમભિરુઢનયે નિરાવરણી જ્ઞાનાદિક ગુણ મુખ્ય,
ક્ષાયિક અનંતચતુષ્ટયી ભોગી મુગ્ધ અલક્ષ્ય;
એવંભૂતે નિરમલ સકલ સ્વધર્મ પ્રકાશ,
પૂરણ પર્યાયે પ્રગટે પૂરણ શક્તિ વિલાસ. ॥૧૦॥

એમ નયભંગ સંગે સનૂરો,
સાધના સિદ્ધતારુપ પૂરો;
સાધકભાવ ત્યાં લગે અધુરો,
સાધ્ય સિદ્ધે નહિ હેતુ શૂરો. ॥૧૧॥

આ પ્રમાણે નિશ્ચયનયના મતે આત્મા શુદ્ધસ્વરૂપી છે, કર્મરહિત અરૂપી છે, શક્તિ એટલે અનંતગુણની શક્તિ સત્તામાં રહેલી છે, તે અંશે અંશે પ્રગટ થતી જાય છે. એ રીતે સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ સાધુને સ્વસાધ્ય (આત્મતત્ત્વનો પૂર્ણ સ્વભાવ)ને સિદ્ધ કરવાની ગાઢ પ્રીતિ જાગે છે.

સમભિરૂઢનય-નિરાવરણ, અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યરૂપ અનંતચતુષ્ટયના મુખ્ય ગુણોનો ભોક્તા અને મુગ્ધ (ભોળા-અજ્ઞાન) લોકોથી જાણી શકાય નહિ એવા સર્વજ્ઞ-સર્વદર્શીને જીવ માને છે અને એવંભૂતનય તો જેઓનો સંપૂર્ણ સ્વધર્મરૂપ પ્રકાશ પૂર્ણ નિર્મલપણે પ્રગટ થયો છે, અને જે પૂર્ણ પ્રગટેલા ગુણ પર્યાયના ભોગી છે, તેવા સિદ્ધ ભગવંતને જ જીવ માને છે.

આ પ્રમાણે સાત નય અને તેના (૭૦૦ ભાંગા) ભંગના ભેદથી જીવનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે, સાધનાની સંપૂર્ણ સિદ્ધિ થવાથી તે પૂર્ણ શુદ્ધ જીવ કહેવાય છે, પરંતુ જ્યાં સુધી સાધકભાવ હોય ત્યાં સુધી અપૂર્ણ જાણવો. જ્યારે સાધ્યની સંપૂર્ણ સિદ્ધિ થઈ જાય ત્યારે સાધન (હેતુ)ની જરૂરીયાત નહિ રહે...!

કાળ અનાદિ અતીત અનંતે જે પરરક્ત,
સંગાંગિ પરિણામે વર્તે મોહાસક્ત !;
પુદ્‌ગલ ભોગે રીઝયો, ધારે પુદ્‌ગલ ખંધ,
પરકર્તા પરિણામે બાંધે કર્મના બંધ. ॥૧૨॥

બંધક વીર્યકરણે ઉદે રે,
વિપાકી પ્રકૃતિ ભોગવે દલ વિખેરે !
કર્મ ઉદયાગતા સ્વગુણ રોકે,
ગુણ વિના જીવ ભવોભવ ઢોકે. ॥૧૩॥

અનાદિ અનંતકાલથી જીવ પર પુદ્ગલમાં આસક્ત થયેલો છે અને મોહાધીન બનેલો તે જીવ પુદ્ગલના ભોગમાં જ આનંદ માને છે. તેથી પુદ્ગલને ભોગવવા તત્પર બનેલો તે પુદ્ગલનો જ કર્તા બને છે, અને પરકર્તાપણાના પરિણામે નવા નવા કર્મો બાંધતો જાય છે..

બંધકવીર્ય અને ઈન્દ્રિયોની પ્રેરણાથી જીવ શુભાશુભ ફળદાયક કર્મ પ્રકૃતિઓ ભોગવીને તે કર્મપુદ્ગલોનો ક્ષય તો કરે છે, પરંતુ તેમાં આસક્તિરૂપ ચિકાસના કારણે તે નવીન કર્મો બાંધે છે. તે કર્મ ફરી ઉદયમાં આવતાં આત્મગુણોનો અવરોધ કરે છે, અને ગુણ રહિત બનેલો જીવ ભવોભવ ભટકે છે. આ રીતે ભવભ્રમણની પરંપરા ચાલ્યા કરે છે.

આતમગુણ આવરણે ન ગ્રહે આતમધર્મ,
ગ્રાહક શક્તિપ્રયોગે જોડે પુદ્ગલ-શર્મ,
પરલાભે, પરભોગને યોગે થાયે પરકર્તાર,
એહ અનાદિ પ્રવર્તે વાધે પર વિસ્તાર. ॥૧૪॥

એમ ઉપયોગ વીર્યાદિ લબ્ધિ,
પરભાવ રંગી કરે કર્મવૃદ્ધિ,
પરદયાદિક યદા સુહ વિકલ્પે,
તદા પુણ્યકર્મતણો બંધ કલ્પે. ॥૧૫॥

સમ્યગ્જ્ઞાનાદિ આત્મગુણો ઢંકાઈ જવાથી જીવ આત્મધર્મને સ્વાભાવિક સુખને (જીવમાં ગ્રહણશક્તિ હોવા છતાં) ગ્રહણ કરી શકતો નથી, પરંતુ (જીવની ગ્રાહકશક્તિ નિરાવરણ હોવાથી) તેનો પ્રયોગ પૌદ્ગલીક સુખોને ગ્રહણ કરવામાં કરે છે, પર-પુદ્ગલ (ધન-ધાન્યાદિ) દ્રવ્યોનો લાભ થવાથી તેમજ સરસ ભોજન, સ્ત્રીસંગ, આદિનો ભોગ મળવાથી જીવ પરદ્રવ્યો કર્તા અને ભોક્તા બને છે. અનાદિથી જીવની આ અવળી પ્રવૃત્તિઓના યોગે કર્મબંધનો પ્રવાહ સતત વૃદ્ધિ પામતો જાય છે.

આ પ્રમાણે જીવનો જ્ઞાન-દર્શનમય ઉપયોગ અને વીર્યાદિ પાંચ લબ્ધિઓ પરપુદ્ગલરૂપ વિભાવદશામાં પ્રવર્તતી હોવાથી નવા નવા કર્મની વૃદ્ધિ થતી જાય છે, તે અવસરે કોઈ આત્માને પરજીવની દયારૂપ શુભ પરિણામ આવે છે, ત્યારે તેને શુભ કર્મનો બંધ થાય (પણ સંવર કે નિર્જરારૂપ ધર્મની પ્રાપ્તિ નં થાય) છે.

તેહી જ હિંસાદિક દ્રવ્યાશ્રવ કરતો ચંચલ ચિત્ત,
કટુક વિપાકી ચેતન મેલે કર્મ વિચિત્ત,
આતમગુણને હણતો હિંસકભાવે થાય,
આતમધર્મનો રક્ષક ભાવ-અહિંસક કહાય. ॥૧૬॥

આત્મગુણ રક્ષણા તેહ ધર્મ,
સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ,
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ,
તેહથી હોય સંસાર છિત્તિ. ॥૧૭॥

તે જ જીવ જ્યારે ચંચલ ચિત્તવાળો બનીને દ્રવ્યાશ્રવ (કર્મને આવવાના માર્ગો) રૂપ જીવહિંસાદિ કરવા દ્વારા કટુક (ભયંકર-કડવા) ફળ આપનારા એવા કર્મોને બાંધે છે, ત્યારે તેણે કટુક વિપાકદાયી કર્મબંધ કરવાથી પોતાના આત્મગુણોની પણ હિંસા કરી તેથી તે ભાવહિંસક પણ બન્યો અને જો આત્મગુણોની રક્ષા કરે તો તે ભાવઅહિંસક બને છે.

જિનાગમોમાં આત્મગુણોને પ્રાપ્ત કરવાની ઈચ્છા અને પ્રાપ્ત કરેલા ગુણોના રક્ષણને ધર્મ બતાવ્યો છે, સ્વ (આત્મા) ગુણોને કર્મબંધ દ્વારા આચ્છાદિત કરવાની ક્રિયાને અધર્મ તરીકે ઓળખાવ્યા છે, જ્યારે જીવની ભાવઅધ્યાત્મને અનુસારે પ્રવૃત્તિ થાય છે, ત્યારે જ ભવભ્રમણની પરંપરાનો મૂળથી વિચ્છેદ થાય છે.

એહ પ્રબોધના કારણ તારણ સદ્‌ગુરુ સંગ,
શ્રુત ઉપયોગી ચરણાનંદી કરી ગુરુરંગ;
આતમ-તત્ત્વાલંબી રમતા આતમરામ,
શુદ્ધ સ્વરૂપને ભોગે યોગે જસુ વિશ્રામ. ॥૧૮॥

સદ્‌ગુરુ યોગથી બહુલ જીવ,
કોઈ વલી સહજથી થઈ સજીવ;
આત્મશક્તિ કરી ગંઠી ભેદી,
ભેદજ્ઞાની થયો આત્મવેદી. ॥૧૯॥

એવા અદ્ભૂત આત્મજ્ઞાનનું પ્રધાન કારણ તો સંસારતારક સદ્ગુરુ ભગવંતનો સમાગમ જ છે.

જે સદ્ગુરુ સદા શ્રુતજ્ઞાનના ઉપયોગવાળા તથા ચારિત્રમાં આનંદનો અનુભવ કરનારા, આત્મતત્ત્વનું અવલંબન લઈ તેમાં જ રમણતા કરનારા અને આત્માના શુદ્ધ સ્વરૂપના ભોગમાં જ (મન-વચન-કાયા) યોગોને સ્થિર (વિશ્રામ) બનાવનારા... એવા સદ્ગુરુ સાથે રંગ કરો અર્થાત્ આદર-બહુમાનપૂર્વક તેમની સેવા-ભક્તિ કરો... તેમ કરવાથી અવશ્ય આત્મજ્ઞાન પ્રગટે છે...

આ પ્રમાણે સદ્ગુરુનો યોગ મળવાથી ઘણા જીવો સમ્યગ્દર્શન પામે છે. વળી કોઈક જીવ વિશેષ ભવસ્થિતિનો પરિપાક થવાથી સહજ ભાવે પોતાની મેળે સમ્યક્ત્વ પામી જાય છે, પરંતુ બન્ને પ્રકારના જીવો અપૂર્વકરણરૂપ આત્મપરાક્રમ (વીર્યોલ્લાસ) વડે તીવ્ર રાગદ્વેષરૂપ નિબિડ ગાંઠ (ગ્રંથિ) ને ભેદીને જ્યારે સ્વપરના વિવેકરૂપ ભેદજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તેમને આત્મસ્વરૂપનું સ્પષ્ટ (જ્ઞાન) ભાન થાય છે.

દ્રવ્યગુણ પર્યાય અનંતની થઈ પરતીત,
જાણ્યો આતમ કર્તા-ભોક્તા ગઈ પરભીત;
શ્રદ્ધા યોગે ઉપન્યો ભાસન સુનયે સત્ય,
સાધ્યાલંબી ચેતના વલગી આતમતત્ત્વ. ॥૨૦॥

ઈન્દ્ર ચન્દ્રાદિ પદ રોગ જાણ્યો,
શુદ્ધ નિજ શુદ્ધતા ધન પિછાણ્યો;
આત્મધન અન્ય આપે ન ચોરે,
કોણ જગ દીન વલી કોણ જોરે. ॥૨૧॥

જ્યારે આતમદ્રવ્ય અને તેનાં અનંત ગુણ-પર્યાયની પ્રતીતિ થઈ અર્થાત્ સમ્યગ્જ્ઞાન થયું ત્યારે આત્મા સ્વભાવનો જ કર્તા-ભોક્તા છે, એમ જાણ્યું. તેથી પર ભાવના કર્તા-ભોક્તાપણાની ભીતિ (ભય) ચાલી ગઈ અને સુશ્રદ્ધાના યોગથી (સ્યાદ્વાદ) નય સાપેક્ષ આત્માના શુદ્ધ સ્વરૂપની (સાધ્યની) ઓળખાણ થવાથી ચેતના... તે સાધ્યના આલંબને આત્મસ્વરૂપમાં (તેના જ્ઞાનાદિ ગુણોમાં) જ લીન બની ગઈ...

આત્માની જ્ઞાનાદિ શુદ્ધ સમૃદ્ધિની પ્રતીતિ થયા પછી ઈન્દ્ર, ચન્દ્ર કે નરેન્દ્ર-ચક્રવર્તિ-વાસુદેવના પદ પણ રોગ સમાન લાગે છે. આત્માનું શુદ્ધ જ્ઞાનરૂપ ધન કોઈ (દીન દુઃખી) ને આપી શકાતું નથી તેમજ કોઈ બળવાન ચોર-ડાકુથી બલાત્કારે ચોરી શકાતું પણ નથી.

આતમ સર્વ સમાન નિધાન મહાસુખકંદ,
સિદ્ધતણા સાધર્મી સત્તાયે ગુણવૃંદ;
જેહ સ્વજાતિ બંધુ તેહથી કોણ કરે વધ બંધ,
પ્રગટ્યો ભાવ અહિંસક જાણે શુદ્ધ પ્રબંધ. ॥૨૨॥

જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ,
જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ;
આત્મ તાદાત્મ્યતા પૂર્ણ ભાવે,
તદા નિર્મલાનંદ સંપૂર્ણ પાવે. ॥૨૩॥

નિશ્ચયનયના મતે સર્વ આત્માઓ એક સરખા છે. જ્ઞાનાદિ અનંતગુણનાં ભંડાર છે, અવ્યાબાધસુખના મૂળ છે, અને સત્તાએ સર્વ જીવો અનંતગુણના સમૂહ હોવાથી સિદ્ધ ભગવાનના સાધર્મિક છે. અને જીવ માત્રની જાતિ (જીવત્વ) એક જ હોવાથી સ્વજાતિ બંધુનો કોઈપણ વધ કે બંધન કરે નહિ-આવી ભાવ અહિંસા (દયા) ના પરિણામ પ્રગટવાથી સ્યાદ્‌વાદનું (જિનશાસનનું) રહસ્ય સમજાય છે...

જ્ઞાનની તીક્ષ્ણતા એ જ ચારિત્ર છે, જ્ઞાનની એકાગ્રતા એ જ ધ્યાન છે, આત્મા સાથે જ્યારે પૂર્ણ તન્મયતા થશે ત્યારે જ સંપૂર્ણ ભાવે નિર્મળાનંદ સ્વરૂપ પ્રગટશે...!

ચેતન અસ્તિસ્વભાવમેં જેહ ન ભાસે ભાવ,
તેહથી ભિન્ન અરોચક રોચક આત્મસ્વભાવ;
સમકિતભાવે ભાવે આતમશક્તિ અનંત,
કર્મનાશનો ચિંતન નાણે તે મતિમંત. ॥૨૪॥

સ્વગુણ ચિંતનરસે બુદ્ધિ ઘાલે,
આત્મસત્તા ભણી જે નિહાલે;
શુદ્ધ સ્યાદ્‌વાદ પદ જે સંભાલે,
પરઘરે તેહ મતિ કેમ વાલે. ॥૨૫॥

આત્મસત્તામાં તો સ્વજ્ઞાનાદિ ગુણોનો જ અસ્તિસ્વભાવ છે. તેમાં અસ્તિસ્વભાવમાં રાગદ્વેષાદિ વિભાવનો સદ્ભાવ નથી. તેમજ રાગદ્વેષાદિ (શુભાશુભ) સંકલ્પ-વિકલ્પો આત્માથી ભિન્ન હોવાથી મુનિને તે રુચિકર નથી. પરંતુ આત્મસ્વભાવ જ રુચિકર છે, વળી તે સમ્યગ્જ્ઞાનવડે આત્માની અનંતશક્તિની યથાર્થ ઓળખાણ હોવાથી કર્મક્ષયની ચિંતા પણ તે બુદ્ધિશાળી મુનિને થતી નથી...

નિર્ભય એવો મુનિ આત્મગુણોના ચિંતનમાં જ પોતાની બુદ્ધિને પ્રવર્તાવે છે. તેથી આંતરદૃષ્ટિએ આત્મસત્તાના દર્શન કરે છે. શુદ્ધ (યથાર્થ) સ્યાદ્વાદ સિદ્ધાંતના રહસ્યને જાણનાર... પરપરિણતિરૂપ પરઘરમાં બુદ્ધિને કેમ પ્રવર્તાવે ? અર્થાત્ ન જ પ્રવર્તાવે...!

પુણ્ય પાપ બે પુદ્ગલ દલ ભાસે પરભાવ,
પરભાવે પરસંગત પામે દુષ્ટ વિભાવ;
તે માટે નિજભોગી યોગીસર સુપ્રસન્ન,
દેવ, નરક, તૃણ-મણિ સમ ભાસે જેહને મન્ન. ॥૨૬॥

તેહ સમતારસી તત્ત્વ સાધે,
નિશ્ચલાનંદ અનુભવ આરાધે;
તીવ્ર ઘનઘાતિ નિજ કર્મ તોડે,
સંધિ પડિલેહિને તે વિછોડે. ॥૨૭॥

તેવા મુનિને... પુણ્ય એ શુભકર્મરૂપ અને પાપ એ અશુભકર્મરૂપ હોવાથી તે પુદ્ગલ દ્રવ્યના સ્કંધ માત્ર છે, એમ પરભાવરૂપે જણાય છે. અને પરપદાર્થોના સંગથી આત્મા દુષ્ટ કર્મો (કટુકફલ દેનાર અશુભ કર્મો) બાંધે છે. એમ જાણીને મુનીશ્વર સ્વગુણનાં ભોગમાં જ પ્રસન્નતા પામે છે. તેથી તેને મન દેવના સુખ કે નરકના દુઃખ, રત્ન કે તૃણ એક સરખા લાગે છે, અર્થાત્ તેમાં હર્ષ-શોક થતો નથી...

તે મુનિરાજ સમતારસના રસીક બનીને આત્મતત્ત્વને સાધે છે. તેથી અચળ-અખંડ આનંદનો અનુભવ કરે છે, તેમજ પૂર્વે બાંધેલા ઘનઘાતી (આત્મગુણોના ઘાતક) કર્મોની સંધિ (ગાંઠ) ને જાણતા હોવાથી ધ્યાનરૂપ કુહાડાથી છેદી તે કર્મોને આત્મપ્રદેશોથી પૃથક્ કરી દૂર ફેંકી દે છે...

સમ્યગ્ રત્નત્રયી રસ રાચ્યો ચેતનરાય,
જ્ઞાન-ક્રિયા ચક્રે ચકચૂરે સર્વ અપાય;
કારકચક્ર સ્વભાવથી સાધે પૂરણ સાધ્ય,
કર્તા, કારણ, કારજ, એક થયા નિરાબાધ. ॥૨૮॥

સ્વગુણ આયુધથકી કર્મ ચૂરે,
અસંખ્યાત ગુણી નિર્જરા તેહ પૂરે;
ટલે આવરણથી ગુણ વિકાસે,
સાધનાશક્તિ તિમ તિમ પ્રકાશે. ॥૨૯॥

ચેતનરાય-આત્મરાજા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીમાં એકરસ બનીને તેમાં જ રાચવા લાગ્યો, જ્ઞાન અને ક્રિયારૂપી ચક્ર વડે સર્વ અપાય-કર્મરૂપ ભાવ શત્રુને નાશ કરવા લાગ્યો. અને ષટ્કારકરૂપ ચક્રથી પૂર્ણ સાધ્ય (કેવલજ્ઞાન) ને સાધવા લાગ્યા... અને જ્યારે સાધ્યની પૂર્ણતા થાય છે ત્યારે કર્તા, કારણ અને કાર્ય (કર્મ) એ ત્રણે એકરૂપે થઈ જાય છે.

પોતાના જ્ઞાનાદિ ગુણરૂપ શસ્ત્રથી કર્મને ચૂર્ણ-નષ્ટ કરે છે અને સમયે સમયે અસંખ્યાત ગુણી નિર્જરા થવાથી આત્માને ગુણોથી પૂર્ણ કરે છે, અર્થાત્ કર્માવરણ દૂર થવાથી ગુણોનો વિકાસ થાય છે અને આત્મશક્તિ (વીર્યોલ્લાસ) વધતી જાય છે...

પ્રગટ્યા આતમધર્મ થયા સવિ સાધન રીત,
બાધકભાવ ગ્રહણતા ભાગી જાગી નીત !;
ઉદય ઉદીરણા તે પણ પૂરવ નિર્જરા કાજ,
અનભિસંધિ બંધકતા નીરસ આતમરાજ. ॥૩૦॥

દેશપતિ જબ થયો નીતિ રંગી,
તદા કુણ થાય કુનય ચાલ સંગી;
યદા આતમા આત્મભાવે રમાવ્યો,
તદા બાધકભાવ દૂરે ગમાવ્યો. ॥૩૧॥

(આત્મશક્તિ વધવાથી) આત્મગુણો પ્રગટ થતાં-કર્તૃત્વાદિ પાંચે શક્તિઓ સ્વરૂપ અનુયાયી થઈને સાધનપણે પરિણમવા લાગી... તેથી બંધકભાવ (વિભાવ) નું ગ્રહણ દૂર થઈ ગયું, કર્મ પ્રકૃતિના ઉદય ઉદીરણા પણ પૂર્વ કર્મની નિર્જરાના હેતુભૂત થયા તથા અભિસંધિજ વીર્ય (પ્રયત્નપૂર્વક થતી પ્રવૃત્તિ) ના કારણે જે કર્મબંધ થતો હતો તે ટળી જવાથી આતમરાજા નિરસ બન્યો...

ન્યાયપ્રિય રાજાની પ્રજા અનીતિ આચરી શકે નહિ, તેમ અસંખ્યપ્રદેશી આત્મા જ્યારે સ્વભાવરમણતારૂપ નીતિપ્રિય બને છે ત્યારે કુનય-અનીતિ (વિભાવદશા) નો આશ્રય કયા યોગો કરી શકે ? જ્યારે આત્મા આત્મભાવ (સ્વભાવ) માં રમવા લાગ્યો ત્યારે બાધકભાવ (વિભાવદશા) દૂર ભાગવા લાગ્યો...!

સહજ ક્ષમા-ગુણશક્તિથી છેદ્યો ક્રોધ સુભટ્ટ,
માર્દવભાવ પ્રભાવથી, ભેદ્યો માન મરટ્ટ;
માયા આર્જવ યોગે, લોભ તે નિસ્પૃહભાવ,
મોહ મહાભટ ધ્વંસે, ધ્વંસ્યો સર્વ વિભાવ. ॥૭૨॥

ઈમ સ્વાભાવિક થયો આત્મવીર,
ભોગવે આત્મસંપદ સુધીર;
જેહ ઉદયાગતા પ્રકૃતિ વલગી,
અવ્યાપક થકો ખેરવે તેહ અલગી. ॥૭૩॥

ધર્મધ્યાન ઈક તાન મેં ધ્યાવે અરિહા સિદ્ધ,
તે પરિણતિથી પ્રગટી તાત્ત્વિક સહજ સમૃદ્ધ;
સ્વસ્વરૂપ એકત્વે તન્મય ગુણ પર્યાય,
ધ્યાને ધ્યાતાં નિર્મોહીને વિકલ્પ જાય. ॥૭૪॥

આત્માએ પોતાના સહજ ક્ષમાગુણની પ્રબળ શક્તિથી ક્રોધ સુભટને છેદી નાખ્યો, મૃદુતા (નમ્રતા) ના પ્રભાવ વડે માનની મોટાઈને ભેદી નાખી, સરલતાથી માયાને, અને નિસ્પૃહતા (નિર્લોભતા) વડે લોભનો નાશ કર્યો... આ પ્રમાણે પ્રબળ મોહરૂપ મહાસુભટનો નાશ કરવાથી સર્વ વિભાવનો નાશ થયો...

આ પ્રમાણે મોહના ક્ષયથી વિભાવદશાનો સર્વથા ધ્વંસ થતાં... આત્મવીર મુનિ સ્વભાવરમણી બનીને જ્ઞાનાદિ આત્મસંપદાને ભોગવે છે તથા ઉદયમાં આવી પડેલી તે કર્મ પ્રકૃતિઓને અલિપ્તપણે સમભાવે ભોગવી આત્મપ્રદેશોથી ખસેડી દે છે, અર્થાત્ તેનો સમૂળ ક્ષય કરે છે...

મુનિ ધર્મધ્યાનમાં તન્મયતાપૂર્વક શ્રી અરિહંત પરમાત્મા અને સિદ્ધ ભગવંતનું ધ્યાન કરે છે, તે ધ્યાનના પ્રભાવે સત્તાગત સહજ (સ્વાભાવિક) જ્ઞાનાદિ ગુણોની સમૃદ્ધિ પ્રગટ થાય છે, અને પોતાના આત્મસ્વરૂપમાં તન્મય (એકત્વપણે) થઈ સ્વગુણ અને પર્યાયનું એકત્વપણે ધ્યાન કરતો નિર્મોહી મુનિ વિકલ્પદશાનો ત્યાગ કરે છે.

યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ,
તદા અનુભવે શુદ્ધ આનંદશર્મ,
ભેદ રત્નત્રયી તીક્ષ્ણતાયે,
અભેદ રત્નત્રયીમેં સમાયે. ॥૭૫॥

દર્શન જ્ઞાન ચરણ ગુણ સમ્યગ્ એક એકના હેતુ,
સ્વસ્વ હેતુ થયા સમકાલે તેહ અભેદતા ખેતુ;
પૂર્ણ સ્વજાતિ સમાધિ ઘનઘાતિ દલ છિન્ન,
ક્ષાયિકભાવે પ્રગટે આતમ ધર્મ વિભિન્ન. ॥૭૬॥

બ્રહ્મ-શુદ્ધજ્ઞાનમય મુનિનો આત્મા જ્યારે વિકલ્પ રહિત થાય છે, ત્યારે નિર્મલ આનંદમય સુખને અનુભવે છે. ભેદરત્નત્રયી (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ) ની તીક્ષ્ણતા અર્થાત્ તેમાં એકાગ્રપણે તન્મયતા થવાથી અભેદરત્નત્રયી પ્રગટે છે. (અર્થાત્ ત્રણેનો ઉપયોગ એક સમયે વર્તે છે)...

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ પ્રથમ એક બીજાના હેતુ બનતા હતા (તેને ભેદરત્નત્રયી કહેવામાં આવે છે) તે હવે એક જ સમયે (સમકાલે) આત્માના અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્રમાં સ્વ સ્વ (પોતપોતાના) ગુણનાં જ હેતુ બન્યા (આ અભેદ-રત્નત્રયી કહેવાય છે) અને જ્ઞાનાદિ ગુણોમાં તન્મયતારૂપ પૂર્ણ સમાધિ પ્રાપ્ત થતાં ઘનઘાતી (ચારઘાતી) કર્મોનો નાશ થયો અને જ્ઞાનાદિ ગુણો ક્ષાયિકભાવે પ્રગટ થયા...

પછી યોગ રુંધિ થયો તે અયોગી,
ભાવ શૈલેશતા અચલ અભંગી,
પંચ લઘુ અક્ષરે કાર્યકારી,
ભવોપગ્રાહીકર્મ સંતતિ વિદારી. ॥૩૭॥

સમશ્રેણે એક સમયે પહોતા જે લોકાંત,
અફુસમાણ ગતિ નિર્મલ ચેતનભાવ મહાંતિ;
ચરમ ત્રિભાગ વિહીન પ્રમાણે જસુ અવગાહ,
આત્મપ્રદેશ અરુપ અખંડાનંદ અબાહ. ॥૩૮॥

જિહાં એક સિદ્ધાત્મ તિહાં છે અનંતા,
અવન્ના અગંધા નહિ ફાસમંતા;
આત્મગુણ પૂર્ણતાવંત સંતા,
નિરાબાધ અત્યંત સુખાસ્વાદવંતા. ॥૩૯॥

ત્યાર પછી (૧૩માં ગુણસ્થાનકે) યોગો (મન, વચન, કાયા) ને રુંધિને અયોગી અવસ્થા પ્રાપ્ત કરે છે, તે વખતે મેરુપર્વતની જેમ આત્મા અચલ અને અભંગ સ્વભાવવાળો બને છે, અને પાંચ લઘુ (હ્રસ્વ) અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલા સમયમાં જ ભવોપગ્રાહી કર્મસંતતિ (અઘાતી કર્મશ્રેણિ) નો ક્ષય કરે છે...

સર્વ કર્મનો ક્ષય થતાં મહાન ક્ષાયિકભાવને પામેલો શુદ્ધ ચેતન... માત્ર એક જ સમયમાં સમશ્રેણીથી અસ્પૃશમાનગતિએ લોકના અગ્રભાગે પહોંચી જાય છે. ત્યાં ચરણ (છેલ્લા) શરીરના બીજા ભાગ રહિત અર્થાત્ તૃતીયાંશ પ્રમાણ ક્ષેત્રને અવગાહીને રહે છે. સિદ્ધોના આત્મપ્રદેશો અરૂપી, સર્વ પીડા રહિત, અખંડ અને આનંદથી પૂર્ણ હોય છે...

જ્યાં એક સિદ્ધાત્મા રહે છે, ત્યાં અનંતા સિદ્ધ પરમાત્માઓ હોય છે, અને તે સર્વે અવર્ણ-વર્ણરહિત, ગંધરહિત અને સ્પર્શ રહિત હોય છે, તેમજ આત્મગુણોની પૂર્ણતાવાળા અને નિર્મલ હોય છે, તથા અવ્યાબાધ અનંત સુખના આસ્વાદ કરનારા હોય છે.

કર્તા કારણ કાર્ય નિજ પરિણામિકભાવ,
જ્ઞાતા જ્ઞાયક ભોગ્ય ભોક્તા શુદ્ધ સ્વભાવ;
ગ્રાહક રક્ષક વ્યાપક તન્મયતાએ લીન,
પૂરણ આત્મધર્મ પ્રકાશરસે લયલીન. ॥૪૦॥

દ્રવ્યથી એક ચેતન અલેશી,
ક્ષેત્રથી જે અસંખ્ય પ્રદેશી;
ઉત્પાદ વલી નાશ ધ્રુવ કાલ ધર્મ,
શુદ્ધ ઉપયોગ ગુણ ભાવ શર્મ. ॥૪૧॥

સિદ્ધના આત્મા એ પોતાના સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોના કર્તા છે. જ્ઞાનાદિ ગુણો એ કારણ છે, અને સ્વરૂપ રમણતારુપ કાર્ય છે, કેવલજ્ઞાનથી સકલ પદાર્થોને જાણે છે, શુદ્ધ સ્વભાવરૂપ ભોગ્યના ભોક્તા છે, શુદ્ધ સ્વરૂપના જ ગ્રાહક અને રક્ષક છે, શુદ્ધ સ્વભાવમાં જ તન્મયપણે વ્યાપક થયેલા છે અને સંપૂર્ણ આત્મગુણોના પ્રકાશમાં જ લયલીન છે...

દ્રવ્યથી વિચારતાં લેશ્યા રહિત સિદ્ધાત્મા એક જ છે. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી છે. કાળથી સ્વધર્મનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે, અને ભાવથી અનંત ગુણપર્યાયના સુખમાં શુદ્ધ ઉપયોગવાળા છે, અર્થાત્ અનંત ગુણપર્યાયાત્મક સ્વભાવસુખમાં મગ્ન બનેલા છે...

સાદિ અનંત અવિનાશી અપ્રયાસી પરિણામ,
ઉપાદાન ગુણ તેહિજ કારણ-કાર્યધામ;
શુદ્ધ નિક્ષેપ ચતુષ્ટય જુત્તો રત્તો પૂર્ણાનંદ,
કેવલનાણી જાણે તેહના ગુણનો છંદ. ॥૪૨॥

એહવી શુદ્ધ સિદ્ધતા કરણ ઈહા,
ઈન્દ્રિય સુખ થકી જે નિરીહા,
પુદ્ગલી ભાવના જે અસંગી,
તે મુનિ શુદ્ધ પરમાર્થ સંગી. ॥૪૩॥

સિદ્ધાત્મા સાદિ અનંત સ્થિતિવાળા છે, અવિનાશી, અપ્રયાસી (પ્રયાસો વિના સ્વભાવમાં પ્રવૃત્તિ) પરિણામવાળા છે, (પોતાના પારિણામિક સ્વભાવમાં વર્તે છે) તેમજ ઉપાદાન આત્મા અને જ્ઞાનાદિ ગુણ તે કારણ, જાણવા જોવા (દેખવા) રૂપ પ્રવૃત્તિ તે કાર્ય. એ રીતે કર્તા, કારણ, કાર્ય ત્રણે સ્વરૂપમાં એકતાપણે પરિણમે છે. અને નિર્મલ ચાર નિક્ષેપાયુક્ત અને પૂર્ણાનંદને ભોગવવામાં તન્મય થયેલા તે સિદ્ધ પરમાત્માના ગુણોના વાસ્તવિક સ્વરૂપને તો કેવલજ્ઞાની જ જાણી શકે છે.

જેને (પૂર્વ વર્ણિત) શુદ્ધ સિદ્ધતા પ્રગટાવવાની રુચિ હોય છે અને જે ઈન્દ્રિયજન્ય (વિષય) સુખથી નિસ્પૃહ હોય છે, તેમજ જે શુભાશુભ-પુદ્‌ગલ માત્રના સંગથી રહિત હોય છે, તે જ નિર્મલ બુદ્ધિવાળો મુનિ શુદ્ધ પરમાર્થ (શુદ્ધ આત્મતત્ત્વ) નો રંગી બને છે.

સ્યાદ્વાદ આતમસત્તા રુચિ સમકિત તેહ,
આતમધર્મનો ભાસન નિર્મલજ્ઞાની જેહ;
આતમ રમણી ચરણી ધ્યાની આતમલીન,
આતમ ધર્મ રમ્યો તેણે ભવ્ય સદા સુખ પીન. ॥૪૪॥

અહો ભવ્યો તુમે ઓળખો જૈનધર્મ,
જિણે પામીએ શુદ્ધ અધ્યાત્મમર્મ,
અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ,
પામીએ સો ય આનંદશર્મ. ॥૪૫॥

નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદેવ,
નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,
ભવસાગરના તારણ નિર્ભય તેહ જહાજ. ॥૪૬॥

સ્યાદ્વાદ-અનેકાન્તવાદ વડે પોતાની આત્મસત્તાને ઓળખી તેને પ્રગટાવવાની રુચિ તે જ સમકિત છે. જેને આત્મધર્મનો નિર્મલ બોધ થયો હોય તે જ સમ્યગ્જ્ઞાની છે અને જે આત્મસ્વભાવમાં જ રમણતા કરે છે તે જ ચારિત્રવાન મુનિ છે, જે આત્મામાં લીન બને છે તે જ નિર્મલધ્યાની છે, જે ભવ્યાત્મા નિરંતર આત્મસ્વભાવમાં રમે છે તે જ સદા સુખ-આનંદઘનરસના પાનથી આત્માને પુષ્ટ બનાવે છે.

અહો ભવ્યો ! તમે જૈનધર્મને ઓળખો, જેથી પરમવિશુદ્ધ અધ્યાત્મનું રહસ્ય પ્રાપ્ત થશે, અર્થાત્ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે, અને તેથી અલ્પ કાળમાં જ દુષ્ટ કર્મોનો ક્ષય થવાથી પરમસુખમય મોક્ષની પ્રાપ્તિ થશે.

જે નય નિક્ષેપ અને પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણ વડે જીવ અને અજીવના સૂક્ષ્મ સ્વરૂપને જાણે છે, જેઓ સદા સ્વ (આત્મા) પર (જડ) નો વિવેક કરીને આત્મસ્વરૂપનો લાભ પ્રાપ્ત કરે છે, અને જેઓ નિશ્ચયદૃષ્ટિ હૃદયસ્થ કરી વ્યવહારનું (પંચાચારનું) પાલન કરે છે, તે જ મુનિરાજ ભવસાગર તરવા માટે નિર્ભય જહાજ સમાન બને છે.

વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રન્થ,
તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ,
તિણે ગીતાર્થ ચરણે રહિજે,
શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે. ।।૪૭।।

શ્રુત અભ્યાસી ચોમાસીવાસી લિંબડી ઠામ,
શાસનરાગી સોભાગી શ્રાવકના બહુધામ,
ખરતરગચ્છ પાઠક શ્રી દીપચન્દ્ર સુપસાય
દેવચન્દ્ર નિજ હરખે ગાયો આતમરાય. ।।૪૮।।

આત્મગુણ રમણ કરવા અભ્યાસે,
શુદ્ધસત્તા રસીને ઉલ્લાસે,
દેવચન્દ્રે રચી અધ્યાત્મગીતા,
આત્મરમણી મુનિ સુપ્રતિતા. ।।૪૯।।

જે આત્મસ્વભાવમાં રમે છે તે જ નિર્ગ્રન્થ (બાહ્ય-અભ્યંતરગ્રન્થી રહિત) મુનિ છે. આત્મતત્ત્વનો અભ્યાસ એ જ મુનિમાર્ગ છે. (સાધુજીવનની સાધના છે). માટે (તત્ત્વજિજ્ઞાસુઓએ) ગીતાર્થ મુનિની સેવા ભક્તિમાં તત્પર રહેવું જોઈએ, જેથી શુદ્ધ સિદ્ધાંત-શાસ્ત્રના અભ્યાસ વડે જ્ઞાનરૂપ અમૃતરસની પ્રાપ્તિ થાય...

જ્યાં શ્રી જિનશાસનના અનુરાગી અને સૌભાગ્યવાન એવા સુશ્રાવકોના અનેક ગૃહો છે, તેવા લીંબડીનગરમાં ચોમાસું રહીને શ્રુત-શાસ્ત્રના અભ્યાસી, ખરતરગચ્છના પાઠક-ઉપાધ્યાય શ્રી દીપચંદ્રજી મહારાજના સુપસાયે (કૃપાથી) દેવચન્દ્રજીએ હર્ષપૂર્વક આત્મરાજાના ગુણોનું ગાન કર્યું છે, અર્થાત્ આત્મસ્વરૂપનું (શાસ્ત્રોક્ત) વર્ણન કર્યું છે.

આત્મગુણોમાં રમણતા કરવાના અભ્યાસ માટે તથા શુદ્ધ આત્મસત્તાના રસીયા (રસીક) જીવોને ઉલ્લસિત બનાવવા માટે આત્મરમણી (આત્મસ્વભાવમાં રમણતા કરનારા) મુનિઓને સુપ્રતીત (સુપ્રસિદ્ધ) આ "અધ્યાત્મગીતા" નામના ગ્રન્થની રચના દેવચન્દ્રજીએ કરી છે.

# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

(૧) શક્રસ્તવ સ્તોત્ર–સાર્થ
(૨) પરમજ્યોતિ: પંચવિંશતિકા–સાર્થ
(૩) પરમાત્મપંચવિંશતિકા–સાર્થ
(૪) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના–સાર્થ
(૫) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવના–સાર્થ
(૬) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૭) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૮) નારદભક્તિ સૂત્ર–સાર્થ
(૯) અપૂર્વ અવસર

## ભાગ-૨

(૧) સમતાશતક–સાર્થ
(૨) સમાધિશતક–સાર્થ
(૩) ગુરુબહુમાનકુલક–સાર્થ
(૪) હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા–સાર્થ

## ભાગ-૩

(૧) દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય–સાર્થ
(૨) અધ્યાત્મગીતા–સાર્થ

## ભાગ-૪

(૧) ઉત્તરાધ્યયનસૂત્રની ચૂંટેલી ગાથાઓ–સાર્થ

## ભાગ-૫

(૧) આચારાંગસૂત્રની ચૂંટેલી ગાથાઓ–સાર્થ

"Bharat Graphics" Ahmedabad. Ph. 079-22134176, 09925020106